Thursday 19, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી – ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## ધમડાચીમાં સરકારી જમીનમાં પનીરની ફેક્ટરી શરૂ કરી દેવાતા નોટીસ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૮:** ધમડાચી ગામે હાઈવે પર આવેલી સરકારી જગ્યામાં બહારના ઈસમે આવાસના નામે પાકું બાંધકામ કરી ગેરકાયદેસર રીતે પનીર ફેક્ટરી શરૂ કરતા ધમડાચી ગ્રામ પંચાયત તલાટીએ નોટિસ ફટકારી સાત દિવસમાં દૂર કરવા જણાવતા બાંધકામ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે આ આવાસમાં ગેરકાયદેસર રીતે પનીરની ફેક્ટરી ચાલતી હોય તેમ છતાં તેની આકારણી, ઘરવેરો અને મીટર પણ આપી દેવામાં આવતા અગાઉની પંચાયત બોડી શંકાના દાયરામાં આવી હોવાની ચર્ચાઓ ગામમાં ઉઠી છે. પનીર ફેક્ટરી પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ તપાસ કરાવશે કે પછી આમ જ પનીરની ફેક્ટરી નાની નાની ખોલીઓમાં ચાલતી રહેશે. તો બીજી તરફ આ અંગે તાલુકા વિકાસ અધિકારી તપાસ કરાવી આવા ગેરકાયદેસર બાંધકામ કરનારા સામે કડક કાર્યવાહી કરે એવી માંગણી છે.

વલસાડ તાલુકા પંથકમાં આવેલા ગામોમાં ગામ તળ, સરકારી, ગૌચર સહિતની અનેક સરકારી જમીનો આવેલી છે. જોકે કેટલાક સરપંચો અને તલાટીઓની મહેરબાનીથી જમીન વિહોણા હોવાનું જણાવી સરકારી આવાસ કે જાતે પોતાનું મકાન બનાવતા હોય છે. જોકે સરકાર દ્વારા જમીન વિહોણાઓને જમીન આપવામાં આવે છે. પરંતુ જમીન માટે અરજી કરનાર વ્યક્તિ ગામનો જ હોવો જોઈએ. જમીન વિહોણા માટે ગ્રામ પંચાયત તલાટી, તાલુકા વિકાસ અધિકારી, તેમજ અન્ય કમિટીમાં અરજી કરનાર વ્યક્તિની પૂરેપૂરી તપાસ કર્યા બાદ તેને ગામતળ કે સરકારી જમીન આપવામાં આવતી હોય છે. અને આ સરકારી જમીનમાં કોઈપણ સરકારની સ્કીમ મુજબ આવાસ બંધ કામ કરવાનું હોય છે. ત્યારે વલસાડ તાલુકાના ધમડાચી ગામે નેશનલ હાઈવે નંબર ૪૮ને અડીને આવેલી ધમડાચી ગ્રામ પંચાયત સર્વે નંબર ૩૫૭ વાળી ગામ તળની જમીન આવેલી છે. અગાઉના સરપંચ અને તલાટી દ્વારા આ સરકારી જમીન ગામના વ્યક્તિને નહીં પરંતુ બહારથી આવેલા રાહુલસિંહ જયપ્રકાશ યાદવ નામના ઈસમને આપવામાં આવી છે. આ સરકારી જગ્યા પર આવાસ બાંધવાના બદલે તેમણે પનીરની ફેક્ટરી શરૂ કરી છે. તેમ છતાં અગાઉના ગ્રામ પંચાયતના કરતા-હરતાઓએ આ પનીરની ફેક્ટરીની આકારણી,

(અનુ. પેજ નં.૭ પર)




**ફોર્ચુન લેન્ડ માર્ક વાપીમાં દુકાનો ભાડે આપવાની છે**

વિશાલ મેઘામાર્ટની સામે ફોર્ચુન લેન્ડ માર્કમાં હલ્દીરામની ઉપર પહેલા માળે દુકાન નં.121/122 સ્કેવર ફુટ 411/411 શો રૂમ, રેસ્ટોરન્ટ, બેંક, ફાયનાન્સ, ઓફિસ લાયકો માટે દુકાનો ભાડે આપવાની છે

મો.નં. - 97256 87106, 97120 54996

**ફ્લેટ વેચવાનો છે**

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે. ૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389






# અન્ય સમાચારો

## સરીગામની લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી દ્વારા મફત વ્હીકલ ચેક-અપ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (LIT) એ ઈજનેર્સ ડે ૨૦૨૪ ની ઉજવણી IIC સેલ અને AB Automobiles, ભીલાડ સાથે મળીને મફત વાહન ચેક-અપ કેમ્પનું સફળ આયોજન કર્યું. ઈજનેર્સ ડેની ઉજવણીના ભાગરૂપે આ ઈવેન્ટ મેકેનિકલ, ઑટોમોબાઈલ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને કમ્પ્યુટર ઈન્જીનીયરિંગ વિભાગો દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.

આ કેમ્પની શરુઆત એબી ઓટોમોબાઈલના સ્થાપક અભિષેક ભંડારીનુ સ્વાગત ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર ડૉ. બસાવરાજ પાટીલના હસ્તે કરી કાર્યક્રમની શરુઆત થઈ હતી.

આ કેમ્પમાં લક્ષ્મિ વિધ્યાપિથના વિધર્થિઓ, શિક્ષકો તેમજ સ્થાનિક કાર માલિકોને મફત ચેક-અપ સેવાનો લાભ આપવામાં આવ્યો, જેમાં કુલ ૧૫ કારોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ અભિષેક ભંડારી, AB Automobiles ના પ્રતિનિધિની માર્ગદર્શનમાં મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને સેફ્ટી ચેક-અપ કરતા ઉપયોગી અનુભવ મેળવ્યો.

દરેક કાર માલિકને નિરીક્ષણ રિપોર્ટ પ્રિન્ટ કરેલી નકલ અને સોફ્ટ કૉપીમાં આપવામાં આવ્યો, જેમાં વાહનમાં થયેલા ખામીઓ અને જરૂરી જાળવણી અંગે સૂચનો આપવામાં આવ્યા હતા. AB Automobiles દ્વારા ચેક-અપ કેમ્પમાં ભાગ લેનારા તમામ ગ્રાહકોને વાહન ધોવાણ માટે વિશેષ ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું, જેને ઘણી સરાહના મળી.

આ કાર્યક્રમથી LIT ના વિધાર્થીઓને, ખાસ કરીને મેકેનિકલ અને ઑટોમોબાઈલ વિભાગના, વાહન નિરીક્ષણ અને ગ્રાહક સેવા અંગે વ્યાવહારિક અનુભવ મેળવવાનો ઉત્તમ અવસર મળ્યો. સાથે જ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને કમ્પ્યુટર વિભાગના વિધાર્થીઓએ ટેકનિકલ આધારિત નિરીક્ષણ પ્રક્રિયામાં યોગદાન આપ્યું હતું.

લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી દ્વારા આ પ્રકારના કાર્યક્રમો શૈક્ષણિક અભ્યાસ અને પ્રેક્ટિકલ અનુભવ વચ્ચેના અંતરને ઘટાડવા માટે સતત આયોજન કરવામાં આવે છે. મફત વાહન ચેક-અપ કેમ્પની સફળતા શૈક્ષણિક અને સામાજિક જવાબદારીના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે.

## કપરાડાના સિલ્ધામાં આઈસીડીએસ દ્વારા પોષણ માહની ઉજવણી કરાઈ




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સિલ્ધા ગામ ખાતે આઈસીડીએસ કચેરી દ્વારા `પોષણ માહ`ની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે તા.૦૧ થી તા.૩૦ સપ્ટેમ્બર સુધી `પોષણ માહ`ની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે કપરાડા તાલુકામાં સિલ્ધા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી. કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ પણ પોષણ માહની ઉજવણીની મુલાકાત લીધી હતી. જેમાં આંગણવાડીના કાર્યકર બહેનો દ્વારા વ્ગ્ય (ર્વીત્ત્ફૂ ૃંફૂ ર્વીસ્ર્ત્રી) પેકેટ્સમાંથી વિવિધ વાનગી બનાવી વાનગી નિદર્શન કરી લોકોને જાગૃત કરવામાં આવ્યા. મીલેટ દ્વારા વાનગીમાં વિવિધતા લાવવા બાબતે સ્ટોલ પણ ઊભો કરવામાં આવ્યો હતો. આઈસીડીએસ દ્વારા મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાના ફાયદા તેમજ પૂર્વ -ાથમિક શિક્ષણના અભ્યાસક્રમ બાબતની બુક, પેમ્પ્ફ્લેટ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં આધાર કીટ ગોઠવી લોકોને આધાર અપડેટ માટેની સેવા પૂરી પાડવામાં આવી. કાર્યક્રમમાં બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા, કાર્યકર બહેનો તથા તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.

## પારડી સાયન્સ કોલેજના આસિ. પ્રોફેસરે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થતું પુસ્તક લખ્યું

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૮ :** ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ - પારડીના અંગ્રેજી વિષયના મદદનીશ -ાધ્યાપક નિકુંજકુમાર ખંડુભાઈ લાડે અંગ્રેજી વિષયનાં નેટ અને સેટ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે "Literary Criticism: An MCQ Based Study Guide for NTA-NET/SET/JRF and Other Competitive Examinations" શીર્ષકનું પુસ્તક લખ્યું છે. જેને Atlantic Publishers & Distributors (P) LTD, New Delhi દ્વારા ત્રણ સપ્ટેમ્બર -૨૦૨૪ નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.




આ પુસ્તકમાં Competitive Examinations Atlantic Publishers & Distributors (P) LTD, New Delhi અંગ્રેજી વિષયના વિવેચન શાખાની માહિતી પ્રદાન કરે છે. પ્રાચીન ગ્રીક શાસ્ત્રીય વિવેચનથી શરૂ કરી પુનર્જાગરણ દરમિયાન તેના વિચારોના પુનઃરુત્થાન, રોમેન્ટિક યુગ દરમિયાન તેની વ્યાખ્યા, પોસ્ટ-આધુનિક યુગમાં તેનું મહત્વ, પ્લેટો, એરિસ્ટોટલ, ડેન્ટે એલિગિયેરીમ, સર ફિલિપ સિડની, ડ્રાયડન, મેરે વોલસ્ટોનક્રાફ્ટ, એસ.ટી. કોલરિજ, મેથ્યુ આર્નોલ્ડ, ક્લિથ બ્રુક્સ, એ. રિચર્ડ્સ, ટી. એસ, એલિયોટ, જુલિયા ક્રિસ્ટેવા અને જીન બોદ્રિલાર્ડ જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિત્વોનું નજીકથી આવરણ આપે છે.

વિવિધ થિયરી અને સિદ્ધાંતોની માહિતી આપે છે. NTA NET/SET/JRF અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ અને વિદ્વાનો માટે એક અમુલ્ય સંશાધન છે.

NTA NET/SET/JRF ના અભ્યાસક્રમ અને ફોર્મેટને અનુસરતું આ પુસ્તક Amazon, Flipkart and Atlantic Publishers & Distributors (P) LTD Online જેવા Digital Platform પર ઉપલબ્ધ છે.

જેમાં પ્રતિષ્ઠિત વિચારકો પર ધ્યાન કેન્દ્રિત કરી સાહિત્યિક વેવેચનના પ્રામાણિત સમયગાળાની આવરી લેવામાં આવ્યો છે. લેખકોની મહત્વની કૃતિઓ, મહત્વ અને વિષય પરના અસરની વિગતો, વર્ણનાત્મક પ્રશ્નો માટે યોગ્ય વ્યાપક જ્ઞાન પ્રદાન કરે છે.


**DINBANDHU YOUTH WELFARE TRUST**
**OPEN INTERVIW**
**Interview date- 21/09/2024, time- 10am to 1:00pm**

| SL.No. | Post | Qualification |
|---|---|---|
| 1 | Special Educator (PRAYAAS Day care school for special children) | Special B. EDin MR or any certified course and 1- or 2- yearexperience |

Interview Address: - Ho. No. 2052, OPP-Dunetha Panchayat, Nani Daman, 396210

Job location: - Dunetha, Nani Daman

Contact no. - 9925444309, 7359226445

Note -
NO TA GIVEN BY NGO FOR THE INTERVIEW


## ગણદેવી તાલુકા અનાવિલ મંડળના સમાજ ભવનનો પ્રથમ નોરતે શુભારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૮ :** ગણદેવી તાલુકા અનાવિલ મંડળની ૩૬મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં સમાજનાં નવીન ભવન નિર્માણકાર્ય, વિવિધ પ્રવૃત્તિ અને વાર્ષિક લેખાજોખા સાથે આગામી નવરાત્રિ ઉજવણીની રૂપરેખા રજૂ કરાઈ હતી. પ્રથમ નોરતે સમાજ ભવન શુભારંભની ઘોષણાને થઈ હતી. શ્રી ગણદેવી તાલુકા અનાવિલ મંડળનાં પ્રમુખ અલ્પેશ નાયક સ્વાગત પ્રવચન સાથે સૌને આવકાર્યા હતા. સભા નાં પ્રારંભે સતત ૩૩ વર્ષો સુધી સમાજ ની સેવા કરનાર માજીપ્રમુખ સ્વ. ભુપતભાઈ નાયક તેમજ કર્મચારી સ્વ. ભૂલન યાદવ (પંડિત) સહિત સંસ્થાનાં સ્વર્ગસ્થ શુભચિંતકોને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા.

મંડળનાં મંત્રી આશિષ બંટી દેસાઇ એ મોટી સંખ્યામાં ઉપસ્થિત સમાજજનોને માહિતીઓ પ્રદાન કરી હતી. જેમાં નવા ભવન નિર્માણ માટે ૩૪ ગામોનાં ૧૩૯૧ પરીવારોની મુલાકાત તેમજ દાતાઓની વિગત રજૂ કરી આભાર વ્યક્ત કરાયો હતો. આગામી તા.૩/૧૦/૨૦૨૪ નાં રોજ પ્રથમ નોરતે નવીન ભવનના શુભારંભની ઘોષણા કરી હતી. સભામાં માત્ર ૧૦ મિનિટમાં હાજર સભાસદો દ્વારા એહવાલ હિસાબ મંજૂર કરાયો હતો. જે બદલ મંત્રી એ દરેક સભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો. વર્ષ દરમ્યાન ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા મહાસમિતિના સભ્યોનાં સાથ સહકારની નોંધ લઈ નવીન ભવન માટેનાં અભૂતપૂર્વ સહકારને વધાવી લેવાયો હતો.

મંડળ દ્વારા મેડિકલ સહાય, શૈક્ષણિક સહાય, વિધવા સહાય, શેરી ગરબા સ્પર્ધા, નવરાત્રી મહોત્સવ, દિવ્યાંગ માટે ગરબા, સર્વ રોગ નિદાન, નેત્ર સારવાર, તેજસ્વી તારલા સન્માન, વિધીક કપ ક્રિકેટ ટુર્નામેન્ટ જેવી અનેકવિધ પ્રવૃતિઓનો ચિતાર રજૂ કરાયો હતો. મંડળનાં ટ્રસ્ટીઓ, ઉપ પ્રમુખ મેહુલ નાયક, સહમંત્રી નિશિત નાયક, ખજાનચી હેમલ દેસાઈ તેમજ કારોબારી સમિતિ સહિત મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં પરિમલભાઈ, રમેશ નાયક સહિત અગ્રણીઓ એ કેટલાક સૂચનો રજૂ કરી મંડળની કામગીરીને બિરદાવી હતી.

## સુરખાઈમાં શ્રી જ્ઞાનકિરણ ધોડિયા જ્ઞાતિ મંડળ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** શ્રી જ્ઞાનકિરણ ધોડિયા જ્ઞાતિ મંડળ દ્વારા આયોજીત સમાજના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩- ૨૪ દરમિયાન ધોરણ-10,12, JEE, NEETની પરીક્ષાઓમાં હાંસલ કરેલ ઉચ્ચ ગુણો મેળવીને ધોડિયા સમાજના તેજસ્વી તારલાઓ અને સારસ્વતોનું સન્માન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ શ્રીમતિ શાંતાબા નારણદાસ પટેલ સમાજભવન, સુરખાઈ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સંયુકત ખેતી નિયામક અને સમાજસેવામાં સદાય અગ્રેસર એવા ધનસુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. ધોડિયા સમાજના ધોરણ-10,12, NEET અને JEE માં ઝળહળતી સિધ્ધિઓ હાંસલ કરનાર સમગ્ર ગુજરાત રાજયમાં રહેતા ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓની એન્ટ્રીઓ મળી હતી જેમનું ઉકત કાર્યક્રમમાં ઈનામ વિતરણ, શિલ્ડ તથા પ્રમાણપત્રો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રાનું મુખ્ય આકર્ષણ એ રહ્યું હતું કે, મળેલ ૧૦૦ એન્ટ્રીઓ પૈકી ૯૦ જેટલા વિદ્યાર્થીઓ તેમના માતા-પિતા/વાલીઓ સાથે ઉપસ્થિત રહીને મંડળના આયોજનને સાર્થક કર્યું હતું.

આ ઉપરાંત ધોડિયા સમાજનો નિવૃત અને સેવામાં હોય તેવો શિક્ષક સમુદાય પણ બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમમાં સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડૉ. પ્રદીભાઈ ગરાસિયા, દક્ષિણ ગુજરાત વીવ કંપનીના અધિક્ષક ઈજનેર શ્રી ગિરીશભાઈ પટેલ, સમાજના અગ્રણી બીઝનેસમેન ગુણવંતભાઈ પટેલ (નીરજ પેટ્રોલિયમ), સંસ્થાના ઉપપરમુખ મંગુભાઈ પટેલ, સંસ્થાના કારોબારી સભ્યો અને હોદ્દેદારો તથા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડાંગ જિલ્લામા સેવા સેતુ કાર્યક્રમનો પારંભ કરાયો


(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૮ :** વડાપ્રધાન નરેંદ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે, રાજ્ય વ્યાપી સેવાના કાર્યક્રમનો પ્રારંભ થવા પામ્યો છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાજનોને સતત મળતો રહે અને વહીવટમા કાર્યક્ષમતા, પારદર્શિતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણુ સુનિશ્ચિત કરતા 'સેવા સેતુ' કાર્યક્રમના દસમા તબક્કાનો, રાજ્ય



સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ, તા.૧૭મી સપ્ટેમ્બરથી પ્રારંભ કરવામા આવ્યો છે. તા. ૧૭મી સપ્ટેમ્બર વડાપ્રધાન નરેંદ્રભાઈ મોદીના જનમ દિવસ નિમિત્તે ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં મહાલપાડા ગામની પ્રાથમિક શાળા ખાતે, વઘઇ તાલુકામાં રંભાસ સ્થિત પ્રાથમિક શાળા ખાતે, અને સુબીર તાલુકામાં સાવરદા ગામની પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કુલ ૩ ક્લસ્ટરમા આયોજિત 'સેવા સેતુ' કાર્યક્રમમા આહવા તાલુકાના મહાલપાડા ખાતે ૩૫ ગામો સાથે, વઘઇ તાલુકાના રંભાસ ખાતે આયોજિત કાર્યક્રમમા ૩૦ ગામો, અને સુબીર તાલુકાના સાવરદા ગામે આયોજિત કાર્યક્રમમા ૪૪ ગામોના ગ્રામજનોને, રાજ્ય સરકારના જુદા જુદા ૧૩ વિભાગોની, ૫૫ થી વધુ યોજનાઓનો ઘર આંગણે લાભ લીધો હતો. આ 'સેવા સેતુ' કાર્યક્રમમા જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈન, આહવા તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ ચૌધરી, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ ચંદરભાઈ ગાવિત, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ રવિનાબેન ગાવિત, સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## પિતૃ શ્રાદ્ધ કેમ કરવામાં આવે છે?



શ્રાદ્ધમાં પિતૃઓનું મનપસંદ ભોજન બનાવીને જો બ્રાહ્મણ, સંત-મહાપુરૂષો અને પરીવારના તમામ સદસ્યોને ભેગા કરીને જમાડવામાં આવે તો તેનાથી પિતૃઓ પ્રસન્ન થાય છે. શ્રાદ્ધ એ ફક્ત કર્મકાંડની વિધિ નથી પરંતુ આપણી વચ્ચેથી વિદાય લીધેલ આપણા પૂર્વજો કે જેમને આપણા માટે તેમને પોતે જીવનમાં તકલીફો વેઠીને અમોને સુખ મળે,અમે જીવનમાં પ્રગતિ કરીએ તે માટે જે કર્મ કર્યા તેમને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાભાવથી યાદ કરવાનું પર્વ છે.

જે તૃપ્તિ આપ એક મનુષ્યને જીવતાં જીવ આપી શકો છો તે તૃપ્તિ આપ તેના મરણોપરાંત હજારોનું દાન,પુણ્ય કે પૂજાપાઠથી આપી શકતા નથી એટલા માટે મરણોપરાંત શ્રાદ્ધ કર્મથી ઉત્તમ એ છે કે જીવતાં જીવ વડીલોની સેવા કરવી.

શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધા ઉપરથી બન્યો છે. શ્રદ્ધામાં ઘણી શક્તિ છે તે પત્થરને દેવતા બનાવે છે. શ્રાદ્ધના દિવસે બ્રાહ્મણ બહેન દિકરી કે ભાણેજને જે કંઇ આપવામાં આવે તેનાથી પિતૃઓ પ્રસન્ન થાય છે તેવો વિશ્વાસ રાખવો. જે લોકો શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરે છે તેમના પિતૃઓ પ્રસન્ન થાય એટલે દેવતાઓ અને -ભુ પરમાત્મા પણ સંતુષ્ટ થઇને તેમને આયુષ્ય સંતાન ધન સ્વર્ગના સુખો અને મોક્ષ પ્રદાન કરે છે.

દુનિયામાં તમામ જગ્યાએ તમામ ધર્મો અને જાતિના લોકો કોઇને કોઇ રૂપમાં મૃતકોનું શ્રાદ્ધ કરે છે. મૃતકોની યાદમાં સ્મારકો અને મકબરા બનાવેલ જોવા મળે છે.પૂર્વજોના નામે ગામ શહેર ફળિયા સંસ્થા મકાન કૂવા તળાવ મંદિર કે મિનારા બનાવીને તેમને લાંબો સમય સુધી યાદ કરવામાં આવે છે. તેમની યાદમાં પુણ્ય તીથીઓ ઉજવવામાં આવે છે. શ્રાદ્ધમાં પિતૃઓના નામથી વૃક્ષારોપણ કરવું જોઇએ કે જેનાથી અનેક લોકોને લાભ થાય.

અમારો સમાજ ઘણો ભૌતિકવાદી બની ગયો છે. સ્વાર્થ વિના કોઇને મદદ કરવા ઇચ્છતો નથી. શ્રાદ્ધ પક્ષમાં અમારા પૂર્વજોના નિમિત્તે બીજાઓને જે કંઇ દાન કે ભોજન કરાવવામાં આવે છે તેનાથી સમાજના ગરીબ અને જરૂરીયાતમંદોને મદદ મળે છે તથા સમાજમાં સહયોગ અને સમન્વયની ભાવના જાગે છે.


ભાદરવા સુદ પૂર્ણિમાથી ભાદરવા વદ અમાસ સુધીના સોળ દિવસ શ્રાદ્ધના દિવસો ગણાય છે. આ દિવસોમાં આપણા પૂર્વજો, ઋષિમુનિઓ અને સંતોના તર્પણ અને તેમને શ્રદ્ધાપૂર્વક યાદ કરવાના દિવસો છે. તર્પણ એટલે તેમને તૃપ્ત કરવા, સંતુષ્ટ કરવા. તેમને આપેલ સંસ્કારોથી ધર્મ અને સંસ્કૃતિ ટકાવવા પ્રયત્ન કરીએ. પૂર્વજોની આબરૂ અને પ્રતિષ્ઠા વધે એવું જીવન જીવીશું તો તે પ્રસન્ન થશે.

વર્તમાન સમયમાં વડીલો સમાજની મુખ્ય ધારાથી દૂર થતા જઇ રહ્યા છે. જે અમારા પરીવારનું અંગ હતા, જેનું લોહી અમારી નાડીઓમાં વહે છે, જેમને અમોને સંસ્કાર અને શિક્ષણના માધ્યમથી અમોને જીવન જીવતા શિખવ્યું છે તેઓ જ્યારે હયાત નથી ત્યારે તેમના કરેલા ઉપકારને શ્રદ્ધાપૂર્વક યાદ કરવા જોઇએ, તેઓ જે પણ યોનિમાં હોય તે યોનિમાં તેમને દુઃખ ના પડે, સુખ-શાંતિ મળે તે માટે પિંડદાન અને તર્પણ કરવાનું,તેમના પ્રત્યે અમારી કૃતજ્ઞતા પ્રગટ કરવાનું નિમિત્ત શ્રાદ્ધ છે. આમ કરવાથી અમારી આવનારી નવી પેઢીમાં સાંસ્કૃતિક વિચારધારાની સાથે સાથે વડીલોનું સન્માન કરવાની ભાવના જાગૃત થશે.

માન્યતા એવી છે કે શ્રાદ્ધ ન કરવાથી પિતૃઓની ઇચ્છા અતૃપ્ત રહેવાથી તેઓ કુટુંબીજનોને ત્રાસ આપે છે. સામાન્યપણે દર વર્ષે પિતૃઓના મૃત્યુની તીથીએ શ્રાદ્ધ કરવામાં આવે છે. મૃત્યુતીથી ખબર ન હોય તો અમાસનાં દિવસે શ્રાદ્ધ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં લોકો ભક્તિ સેવા સુમિરણ સત્સંગ કરતા ન હોવાથી માયામાં ફસાઇને મૃત્યુ પછી તેમનો લિંગદેહ અતૃપ્ત રહે છે જે મૃત્યુલોકમાં અટવાય છે જેમની ઇચ્છાઓ શ્રાદ્ધ વિધિ દ્વારા પૂર્ણ કરીને તેમને આગળની ગતિ પ્રાપ્ત કરાવવી એ શ્રાદ્ધ કરવા પાછળનો મુખ્ય હેતુ છે.

જેના ઘરમાં સતત ઝગડા થતા હોય, એકબીજા સાથે અણબનાવ,નોકરી ન મળવી,ઘરમાં પૈસો ન ટકવો,ઘરના કોઇ સભ્યને ગંભીર માંદગી થવી, તમામ સંજોગો અનુકૂળ હોવા છતાં વિવાહ ન થવો, પતિ-પત્ની વચ્ચે અણબનાવ, ગર્ભધારણ ન થવો, વારંવાર ગર્ભપાત થઇ જવો, વિકલાંગ બાળક જન્મવું કે કુટુંબના કોઇ સભ્યને વ્યસન લાગવું. આવી ઘટના બને તો સમજવું કે ઘરના પિતૃઓ નારાજ છે.

**આલેખનઃ**
**વિનોદભાઈ માછી નિરંકારી**





## દમણ રેડિયો

**102.3 FM**

**ગુરુવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર(દિલ્હીથી) ૦૬.૦૫ -અર્ચના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ - ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૭.૪૫- ગુજરાતી સમાચાર, ૦૭,૫૫- કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી ) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦- શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦-અમદાવાદના કાર્યક્રમ ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૦.૩૦ - થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર,૦૨.૪૦ - સુગમ સંગીત..૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત **સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG)૦૬.૦૦ - વિવધ ભારતી-૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર. ૭.૨૦ (દમણથી) કીસાનવાણી કાર્યક્રમ. ૭.૫૦ ગુજરાતી સમાચાર રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદના કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી, ૧૧.૧૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૧૯-૦૯-૨૦૨૪, **વારઃ** ગુરૂવાર, **તિથિઃ** બીજ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૩ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૭ **ચંદ્રરાશિઃ** મીન

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ- તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો- આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો- જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

## આંટિયાવાડ સરપંચે લોકોને ભોજન કરાવીને વડાપ્રધાનના જન્મદિવસની કરી ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૧૮:** દમણના આંટિયાવાડ ગ્રામ પંચાયતના સેવાભાવી સરપંચ ઉર્વશીબેન જયેશભાઈ પટેલે લોકોને ભોજન ખવડાવીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસની અનોખી ઉજવણી કરી છે. સરપંચ ઉર્વશીબેન પટેલે આજે લોકો સાથે પીએમ મોદીજીના બર્થડે સેલિબ્રેશન કર્યુ હતું. સરપંચ ઉર્વશીબેન પટેલે લોકો સાથે મોદીજીના દીર્ઘાયુ, નિરોગી અને અજેય જીવનની મંગળ કામના કરી હતી. સરપંચ ઉર્વશીબેન પટેલે લોકોને મોદીજીના રાષ્ટ્રપ્રેમ, વિશ્વબંધુત્વની ભાવનાઓ સાથે વડાપ્રધાન તરીકે દેશના ગરીબો, વંચિતો, પછાતો, અકલિયતોના કલ્યાણ અને રાષ્ટ્ર વિકાસના કાર્યોથી માહિતગાર કર્યુ હતું. ત્યારબાદ સરપંચ ઉર્વશીબેન પટેલે બધા લોકોને ભોજન ખવડાવી, શુભેચ્છાઓ પાઠવી વિદા કર્યો હતો. સરપંચશ્રીએ બધા લોકોને આપના ઘરે, સોસાયટીઓ, રૂમો, ચૉલો, દુકાનો, ફૈક્ટ્રિઓમાં સાફ-સફાઈ રાખીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના સ્વચ્છ ભારત સંદેશને સાકાર કરવા જણાવ્યું હતું.

## ધરાસણામાં તલાટી સહિત ચાર ઈસમોએ રેતી ભરેલી ટ્રક અટકાવતા મામલો ડુંગરી પોલીસમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૮:** વલસાડના ધરાસણા ગામે ગઈકાલે રેતી ભરેલી ટ્રકો ગેરકાયદેસર રીતે અટકાવી ટ્રક ચાલક અને માલિકને ગાળા ગાડી કરી ઢીક મૂકીનો માર તેમજ લાત મારવાની અને ટ્રક સળગાવી મૂકવાની ધમકી આપતા ટ્રક માલિકે ડુંગરી પોલીસમાં તલાટી સહિત ધરાસણા ગામના ચાર જણા સામે ફરિયાદ નોંધાતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી.

બીલીમોરા ગણદેવી ના ધોલાઇ બંદરથી ત્રણ ચાર ટ્રકમાં રેતી ભરી કોસ્ટલ હાઈવે થઈને વલસાડ સરોધી હાઈવે પર આવેલી પ્લાન્ટમાં રેતી ખાલી કરવા જતા હતા તે દરમિયાન વલસાડના ધરાસણા ગામે કોસ્ટલ હાઈવે ઉપર ગામના લોકોએ ટ્રક પ્રકાશભાઈ ચંદુભાઈ ઓડની ટ્રક નંબર- GJ-15-Z-0666 પણ રોડની સાઈડમા અટકાવી દીધી હતી. ટ્રક માલિક અને ધર્મેશ જયંતિ ઓડ સાથે ધરાસણા કંચન ફળિયામાં જઈ ટ્રક ચાલક રાજુભાઈ સોમાભાઈ હળપતિ ને પૂછતા તેમણે જણાવ્યું હતું કે કોસ્ટલ હાઈવે ઉપર આગળ આરટીઓની ચેકિંગ હોવાથી ટ્રકને ધરાસણા ગામના કંચન ફળિયામાં રહેતા વિરલ ભાઈ પટેલના ઘર આગળથી રિવર્સ લેવા વાળતો હતો તે દરમિયાન વિરલભાઈએ ટ્રક અટકાવી દેતા રેતીના ધંધા સાથે સંકળાયેલા તેજશભાઈ તથા દિપકભાઈ વિઠલભાઈ ઓડ તથા જયંતિભાઈ પ્રભાતભાઈ ઓડનાઓ સાથે વીરલભાઈ તથા ગામના માણસોને ટ્રક રોકાવા બાબતે પૂછતા તેણે જણાવ્યું કે વિરલભાઈએ કહ્યું કે ખાણ ખનીજ વિભાગના અધિકારોનો ફોન કરતા તેઓ આવી ટ્રક જમા લેશે અને જે બાદ જોતા માં વિરલભાઈ ની સાથે અન્ય ત્રણ ઈસમો આવી પડી ટ્રક ચાલક અને માલિકને ગાળા ગાડી કરી ઢીક મૂકીનો માર તેમજ લાત મારવાની અને ટ્રક સળગાવી મૂકવાની ધમકી આપતા ટ્રક માલિકે ડુંગરી પોલીસ મથકમાં તલાટી વિરલભાઈ ધીરુભાઈ પટેલ, યોગેશ ઉર્ફે લાલુ ગણપત પટેલ, ધ્રુવ જીતેન્દ્ર કોળી પટેલ અને ચિરાગ છીબુ ભાઈ કોળી પટેલ તમામ રહે.ધરાસણા કંચનફળિયા તા.જી. વલસાડ સામે પોલીસ ફરિયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### વલસાડ ડીસ્ટીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી.ની

## ડુંગરી શાખાનો અધતન સુવિધા સાથે નવનિર્મિત મકાનમાં શુભારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૮:** વલસાડ નવસારી તથા ડાંગ જીલ્લામાં કાર્યક્ષેત્ર ધરાવતી ધી વલસાડ ડીસ્ટીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લીની ડુંગરી શાખાનો અધતન સુવિધા સાથે નવનિર્મિત મકાનમાં શુંભારંભ બેંકના ડાયરેકટર પંકજભાઈ પટેલના હસ્તે કરવામાં આવેલ છે.

વલસાડ ડિસ્ટીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લીની ડુંગરી શાખાના નવનિર્મિત મકાનનાં ઉદઘાટક અને બેકના ડાયરેકટર પંકજભાઈ પટેલ સંબોધનમાં જણાવ્યુ હતુ કે, ગ્રાહકોને બેંકની આ શાખામાં સારામાં સારી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે બેંકના ગ્રાહકોને કાઈપણ પ્રકારની મુશ્કેલીના પડે અને ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ આપવનો અભિગમ બેંક તરફથી અપનાવવામાં આવ્યો છે ત્યારે બેંકના ડીપોઝીટરો અને ગ્રામજનો બેંકની ઉત્તમ સેવાઓ મેળવશે. બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફિસર રોહિતભાઈ પટેલે ઉપસ્થિત સૌને આવકારી ડુંગરી શાખાના કાર્યવિસ્તારમાં સમાવિષ્ટ સહકારી સંસ્થાઓ, ડીપોઝીટરો અને ગ્રામજનોનો સહકાર પ્રદાન કરી બેંકના વિકાસમાં સહભાગી થવા અપીલ કરવાની સાથોસાથ બેંક તરફથી અધતન સુવિધાઓ અને ગ્રાહકલક્ષી અભિગમ અપનાવી બેંકના નાનામાં નાના ગ્રાહકોને કોઈપણ પ્રકારની બેંકીંગ સુવિધા અંગે મુશ્કેલીના પડે તેની પુરતી કાળજી રાખવા પર ભાર મુક્યો હતો.વધુમાં શાખાના ઉદઘાટન પ્રસંગે બેંકના ડીરેકટર કિશોરભાઈ પટેલે કિશાન ક્રેડીટ કાર્ડ યોજનાનો વધુમાં વધુ ગ્રાહકો લાભ લે એવી વિનંતી કરી ડીપેઝીટની સાથોસાથ બેંકની વિવિધ લોન યોજનાઓમાં મહત્તમ ખેડુતો સંકળાય તેવો અનુરોધ વ્યકત કર્યો હતો. ડુગરી શાખાના નવનિર્મિત મકાનના શુભારંભ પ્રસગે બેંકના ડીરેકટરમાં મગનભાઈ પટેલ, પૃથ્વીરાજ મહેતા, પરિમલ પટેલ, હિતેશભાઈ પટેલ, અંબેલાલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, ડુંગરી ગામના અગ્રણી કાર્યકર આશિતભાઈ દેસાઈ ઉપસ્થિત રહી બેંકના ગ્રાહક લક્ષી અભિગમની સરાહના વ્યકત કરી હતી. ઉદઘાટન સમારંભનુ સફળ સંચાલન બેંકના ઈનચાર્જ મેનેજર વહીવટ તૃપ્તિબેન પટેલે કર્યુ હતુ જયારે ડુગરી શાખાના બ્રાંચ મેનેજર વૈશાલી બેન પટેલે સ્વાગત પ્રવચનની સાથે અંતમાં ઉપસ્થિત સૌ પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.ઉદઘાટન સમારંભને સફળ બનાવવા માટે બેંકના તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## બીલીમોરામાં ધ્વનિવૃંદ શેરી ગરબા અનાવિલ સમાજની ૧૮ ટીમો વચ્ચે રમઝટ, વલસાડ સુર સખી વૃંદ વિજેતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૧૮:** બીલીમોરા ધ્વનિવૃંદ આયોજિત મુંબઈ થી અમદાવાદ નાં અનાવિલ સમાજજનો માટે શેરી ગરબા સ્પર્ધામાં રવિવારે ૧૮ ટીમો એ ભાગ લીધો હતો. જેમાં વિજેતા ટીમો અને બેસ્ટ સિંગરને પુરસ્કાર એનાયત કરાયા હતા. સેંકડો અનાવિલ સમાજજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આધ્યશક્તિ મા ની વંદના કરી ગરબે ધૂમવાનો અવસર હૈયાનાં દ્વાર ઉપર દસ્તક દઈ રહ્યો છે. નવરાત્રિ આડે ગણતરીનાં દિવસો બાકી છે ત્યારે બીલીમોરામાં ધ્વનિવૃંદ એ રવિવારે સોમનાથ સંકુલમાં અનાવિલ સમાજની પરંપરાને જીવંત રાખવા ગરબા સ્પર્ધા યોજી હતી. જેમાં અમદાવાદથી મુંબઈ સુધી વસવાટ કરતા સમાજજનો ની ૧૮ ટીમો લય, તાલ, સુર, સંગીત અને પહેરવેશ સાથે ગરબે ઝૂમી હતી. આવી નોરતા ની રાત ઉગ્યો ચાંદલિયો આકાશ, આભ ને જરૂખે આજ અજવાળા પાથરી... અને ગબ્બર નો ગોખ મૂકી રમવાને આવી... જેવા પ્રાચીન અર્વાચીન ગરબા જીવંત બનાવ્યા હતા. જેમાં પ્રથમક્રમે સુર સખી વૃંદ તિથલ રોડ વલસાડ, દ્વિતીય ક્રમે કલાગુર્જરી વલસાડ, તૃતીય ક્રમે સુહાની ગ્રુપ નવસારી, ચતૃથ ક્રમે કાયા તળાવ અમલસાડ અને પાંચમા ક્રમે (પ્રોત્સાહન) શ્રી અનાવિલ સમાજ અંધેરીને વિજેતા જાહેર કરાઈ હતી. બેસ્ટ સિંગર વિભાગમાં પ્રથમ ક્રમે વલસાડ મોગરાવાડી મલ્હાર ગ્રુપનાં વિધી દેસાઈ અને દ્વિતીય ક્રમે સાંઈશક્તિ ગ્રુપ ધમડાછા રહી હતી. જ્યારે પુરુષ વિભાગમાં પ્રથમક્રમે અડાજણ અનાવિલ સખા મંડળ વિજેતા અને બેસ્ટ સિંગર કેતનભાઈ દેસાઈ રહ્યા હતા. વિજેતાઓ ને રૂ.૨૧ હજાર થી રૂ.૨૧૦૦ સુધી નાં પુરસ્કાર એનાયત કરાયા હતા. આ પ્રસંગે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ પરેશ દેસાઈ, ધારાસભ્ય રાકેશ દેસાઈ, માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, આનંદ દેસાઈ, અનિલ વશી, સિદ્ધાર્થ દેસાઈ, રિવા દેસાઈ, શૈફાલી નાયક, મિતુલ દેસાઈ, વિરાજ નાયક, જીગ્નેશ નાયક, જીગર દેસાઈ, આશિષ દેસાઈ(બંટી) સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વનિવૃંદ નાં સોનલ દેસાઈ, માયા વશી, નિપા દેસાઈ, હેમાંગી નાયક, આકૃતિ મહેતા, તૃપ્તિ દેસાઈ, બીના નાયક, તુષાર નાયક અમિતભાઈ (લાંબો) નરેશ વશી, નિમેષ દેસાઈ, રાકેશ નાયક, જીગર દેસાઈ, વશી સહિત અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી. નિર્ણાયક તરીકે ચિંતન વશી, આશાબેન ભટ્ટ, હીનાબેન શાહ અને દક્ષેશ પટેલ એ સેવા આપી હતી. ઉદઘોષક ની સેવા મુકેશભાઈ વશી, હેતલબેન નાયક, ક્રિના ચિંતન નાયક આપી હતી. આભાર વિધિ નરેશભાઈ વશી એ આપી હતી.

## ચણવાઈ એએમએસ ઈંગ્લીશ મીડીયમ સ્કુલનુ ગૌરવ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૮:** ચણવાઈની એએમએસ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના બે બાળકો જિંદગી દિવસ નિમિત્તે સ્પર્ધા માં ભાગ લઈ બીજો નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

વલસાડ તાલુકાના ચણવઈ ગામમાં આવેલીમાં ગીતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત A.M.S. ઈંગ્લીશ મીડીયમ સ્કુલના બે બાળકો તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસ નિમિત્તે પારડીની ભાસ્કર ધ્યુતિ શાળામાં આયોજિત હિન્દી દિવસ નિમતે સ્પર્ધા યોજાય થઈ હતી. જેમાં કુલ ૧૫ થી વધારે શાળાઓએ ભાગ લીધેલો હતો તેમાંથી એ.અમ.સ શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પિયુષ બી રાય બીજો નંબર મેળવી શાળાનું ગૌરવ વધારે છે. તે બદલ શાળાના ટ્રસ્ટી, આચાર્ય અને શિક્ષકો તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જામપોરથી ૨ વર્ષ પહેલા ગુમ થયેલ વિનોદ વારલી ઘરે પરત ફર્યાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૧૮:** વિનોદ રામજી વારલી જામપોર વારલીવાડ તે પરિયારી પંચાયત ટ્રાઈબલ એક્સટેન્શનનો ૫૪ વર્ષનો રહેવાસી છે જે ૨ વર્ષ પહેલા ગુમ થયો હતો.

જે આજે હરિયાણા (સિરસા) ભાઈ કન્હૈયા માનવ સેવા સંસ્થામાં મળ્યા, સંસ્થાએ જણાવ્યું કે ૨ વર્ષ પહેલા સિરસામાં ભટકતા વ્યક્તિની માનસિક સ્થિતિ સારી ન હતી, પોલીસે તેને સંસ્થામાં છોડી દીધો, ૨ વર્ષ પછી, કાઉન્સેલિંગ દરમિયાન વિનોદ વારલીનો, તે દમણ-વાપીનો હોવાનું જણાવાયું હતું. માજી સરપંચ અને આદિવાસી સમાજના આગેવાન ભાવિક હળપતિએ પિતા-પુત્ર અને પત્ની અને પતિને ફરી ભેગા કરીને આદિવાસી સમાજ અને તેમની પંચાયતના વિસ્તૃત પરિવારને ઘરે પાછા લાવવાનું કામ કર્યું. ભાવિક હળપતિએ જણાવ્યું કે નડિયાદના મિત્ર ગુજરાત પોલીસ ગજેન્દ્ર એએસઆઈએ what's aap દ્વારા ભાવિક હળપતિનો સંપર્ક કર્યો અને psi ચેતન પટેલ (કોસ્ટલ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ) દમણ મામલતદાર પ્રેમજી મકવાણાએ ભાવિક હળપતિને વિનોદ વારલીને દમણ લાવવામાં મદદ કરી.

### સ્વચ્છ ભારત મિશન અંતર્ગત

## નારગોલ ગ્રા.પં.માં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૮:** ઉમરગામ, વડા-ધાન માંન નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના ૭૪ માં જન્મદિવસ નિમિતે નારગોલ દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં નારગોલ ગ્રામ પંચાયત, નારગોલ પોલીષ પરિવાર પી આઈ વડવી, સ્વચ્છભારત મિશન શૈલેષભાઈ હડપતી, રાકેશભાઈ પટેલ, કેતનભાઈ ટંડેલ, અને યુવા બોર્ડ ઉંમરગામ,મહિલા મોરચા પ્રમુખ મનીષાબેન સરપંચ સ્વીટીબેન, ચેતનભાઈ ગજરે ગ્રામ પંચાયત સભ્ય અને ગ્રામ લોકો તથા કર્મચારી મિત્રો ઉપસ્થિત રહી અભિયાનમાં ભાગીદાર બન્યા તથા નરેન્દ્રભાઈ મોદી સાહેબ જી નો જન્મદિવસ નારગોલ ગામની આંગણવાડી માં ઉજવા માં આવ્યો જેમાં મનીષાબેન પ્રિતમનાણી અને ગ્રામપંચાયત નારગોલ, સરપંચ સ્વીટીબેન ભંડારી, પી આઈ વડવી સાહેબ અને ચેતનભાઈ તાલુકા સંયોજક પ્રતીક વારલી, હેમંત વારલી, સહ સંયોજક વિનોદભાઈ વારલી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવા સરપંચ સ્વીટીબેન ભંડારી નારગોલ તથા મનીષાબેન પ્રિતમનાણીનો યુવા બોર્ડ ઉંમરગામ આભાર વ્યક્ત કર્યો હતો.

## કપરાડામાં ભંડારકચ્છ જય યોગેશ્વર યુવક મંડળ દ્વારા ગણેશ વિસર્જન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૮:** કપરાડા તાલુકા વિવિધ ગામોમાં ગણેશ વિસર્જન ખુબ જ રંગે ચંગે ભક્તિભાવપૂર્ણ કરવા માં આવ્યું હતું. જેમાં ભંડારકચ્છ ગામના ફણસપાડા ખાતે જય યોગેશ્વર મંડળ દ્વારા પણ ગણેશ વિસર્જન ખૂબ જ ભક્તિભાવ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. એક જાણકારી મુજબ ભંડારકચ્છ ગામના ફણસપાડા માં વર્ષો થી ગણપતિની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવે છે અને ખૂબ જ ભક્તિભાવ સાથે ગણપતિ ની પૂજા અર્ચના કરવા માં આવતી હોવાનું જાણવા છે. આ વર્ષે પણ આ મંડળ દ્વારા ગણેશજી ની મૂર્તિનું સ્થાપન કરવા માં આવ્યું હતું. આ જ રોજ ગણેશ વિસર્જન ના દિને ખૂબ જ ઉત્સાહ સાથે મોટી સંખ્યા માં ભાવિક ભક્તો દ્વારા રંગે ચંગે અને ખૂબ જ ભક્તિભાવ સાથે કોલક નદી માં મૂર્તિનું વિસર્જન કરી ગણશજીને વિદાય આપી હતી.

## ગણદેવીના ધનોરીમાં સેવા સેતુનો ૨૫ ગામોનાં નાગરીકોએ ૫૫ સેવાનો ઘર આંગણે લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ગણદેવી, તા.૧૮: ગણદેવી તાલુકા નાં ધનોરી ગામે મંગળવારે જિલ્લા કલેકટર એ ૧૦માં તબક્કાનાં સેવા સેતુનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં ગ્રામજનોએ ૫૫ જેટલી વિવિધ સેવા નો ઘર આંગણે લાભ લીધો હતો.



રાજ્ય સરકારની પારદર્શી પ્રશાસનની પ્રતીતિ અને સાચો લાભાર્થી સરકારી સહાયથી વંચિત ન રહે તેવા હેતુ સાથે ગણદેવી તાલુકા વહીવટીતંત્ર દ્વારા ધનોરી ગામે ૧૦મા તબક્કાનો સેવા સેતુ યોજાયો હતો. જેમાં નવસારીના કલેકટર ક્ષિપ્રા આગ્રે તથા જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા ઊપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કલેકટરએ સેવા સેતુના વિવિધ યોજનાકીય સ્ટોલની મુલાકાત લઈ લાભાર્થીઓને મળતી સેવાઓનો તાગ મેળવ્યો હતો સાથે કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનો કર્યા હતા. ધનોરી ગામે આયોજિત ગણદેવી તાલુકાના સેવા સેતુનો આસપાસના ૨૫ ગામોના લાભાર્થીઓને ઘરઆંગણે લાભ લીધો હતો. આ સેવા સેતુમાં ભારત તથા ગુજરાત સરકારના ૧૩ વિભાગની કુલ ૫૫ સેવા જેવી કે આધાર કાર્ડ, આવકનો દાખલો, ૭/૧૨ અને ૮ અ ના પ્રમાણપત્રો, આયુષ્માન કાર્ડ, નિરાધાર વિધવા સહાય યોજના જેવી અનેકવિધ પ્રજાલક્ષી યોજનાઓના લાભાર્થીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ પ્રસંગે ધનોરી ચાંગા ફળીયાનાં લાભાર્થી દિપાલી ભરતભાઈ પટેલ એ જણાવ્યું કે મારે રેશન કાર્ડમાં સુધારો કરવાનો હતો જે ઘણા સમય થી બાકી હતો. પરંતુ આજરોજ મારા ઘર આંગણે જ સેવા સેતુનો કાર્યક્રમ હોવાથી મારી અરજીનો નિકાલ ઘર બેઠા થયો છે અને મારે કચેરી સુધી જવું પડ્યું નથી તે બદલ સરકારશ્રીનો ખુબ આભાર વ્યક્ત કરું છું. આ પ્રસંગે ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, ચીખલીપ્રાંત અધિકારી મિતેશ પટેલ, ગણદેવી તાલુકા વિકાસ અધિકારી મહેશ વિરાણી, ગણદેવી મામલતદાર જગદીશ ચૌધરી સહિત વિવિધ વિભાગના કર્મચારીઓ, લાભાર્થીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## વલસાડની ૯ વર્ષીય બાળકીનું બ્રેઈન ડેડ થયા બાદ પરિવારે અંગદાન કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૮:** પારડીની વલ્લભ આશ્રમસ્કુલ માં ધોરણ ૪ માં અભ્યાસ કરતી અને વલસાડ ના તિથલ રોડ પર સરદાર હાઇટ્સમાં રહેતી ૯ વર્ષીય બાળની અચાનક તબિયત ખરાબ થતા તેને વલસાડની હોસ્પિટલ બાદ સુરતની હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ અવસાન થતાં પરિવાર પર આભ તૂટી પડયુ હતું. બાળકીનું બ્રેઈન ડેડ થતાં તેના અંગદાન કરી અન્યની જિંદગી બચાવી છે. ૯ વર્ષીય બાળકીના અવસાનના સમાચાર મળતા સરદાર હાઈટ્સ સોસાયટીના રહીશો શોકમાં મુકાઈ ગયા હતા. જોકે બાળકીને બ્રેઈન ટ્યુબર હોવાનું જાણવા મળ્યું હતું.



વલસાડ શહેરના તિથલ રોડ પર આવેલ સરદાર હાઈટ્સ નર્મદા બિલ્ડિંગમાં બોબી મિસ્ત્રી રહે છે. પિતા બોબી મિસ્ત્રી સ્કૂલમાં વર્દી મારી પરિવારનું જીવન નિર્વાહ ચલાવે છે. બોબી મિસ્ત્રીની રિયા મિસ્ત્રી નામની ૯ દીકરી પારડીની વલ્લભ આશ્રમ સ્કૂલમાં ધોરણ ૪ માં અભ્યાસ કરે છે. ચાર દિવસ અગાઉ રિયા મિસ્ત્રીને શરદીઅને માથાનો દુખાવો ઉપાડતા વલસાડની ડૉ. ઉષાબેન મૈશરીની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરી હતી. જોકે રિયા મિસ્ત્રીની તબિયત વધુ લથડી પડતા તેને તાત્કાલિક વલસાડની લોટસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બ્રેઈન ટ્યુમર હોવાનું રિપોર્ટમાં બહાર આવતા તેને સુરતની કિરણ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવતા રિયા કોમામા સરી પડતા ડોક્ટરે તેને બ્રેઈનડેડ જાહેર કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. રિયા મિસ્ત્રીનું લિવર, આંખ, હાથ, સહિતના અંગોનું દાન કરવામાં આવ્યું હતું.

રિયાનું અવસાન થયું હોવાની જાણ થતા સરદાર હાઈટ્સ સોસાયટીના રહીશો શોક માં મુકાઈ ગયા હતા. જોકે રિયાના માતા પિતાએ પોતાની માત્ર ૯ વર્ષની દીકરીનું અવસાન બાદ લિવર, આંખ, હાથ, સહિતના અંગોનું દાન કરવામાં આવ્યું હતું. અંગોનું દાન કરી અન્યની જિંદગી બચાવી સમાજમાં અને સોસાયટીમાં ઉદાહરણ આપ્યું છે.

## પારડીમાં સ્થાપિત શ્રીજીનું ૧૧ દિવસે પાર નદીમાં માંગેલા લાઈફ સેવા ટ્રસ્ટ દ્વારા વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી ,તા.૧૮:** પારડી પંથકમાં આનંદ ચૌદસના દિવસે ગણેશ ઉત્સવનો અંતિમ દિવસ હોય વિશાળ સંખ્યામાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન પારડી પાર નદીમાં માંગેલા લાઈફ સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું પારડી પંથકમાં છેલ્લા ૧૧ દિવસથી સ્થાપિત કરવામાં આવેલ વિશાળ પ્રતિમાઓ સાથે નાની પ્રતિમાઓની વહેલી સવારથી જ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ફરી ચાર રસ્તા થઈ પારડી પાર નદી પહોંચી હતી. જ્યાં માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના સાહસિક યુવાનોએ પ્રતિમાઓને વિસર્જિત કરી હતી શોભા યાત્રા દરમિયાન દેશભક્તિ ગીતો સાથે વાતાવરણ ભક્તિમય બન્યું હતું. મુખ્ય બજારમાં સુન્ની મુસ્લિમ સમુદાય દ્વારા શરબત વિતરણ કરવામાં આવ્યું હતું અને કોમી એકતાનો સુંદર ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. બીજી તરફ શ્રીરામ ચોકમાં સેવાભાવી



કાર્યકર્તાઓ દ્વારા શરબત વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પારડી પારનદીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શરબત વિતરણ રાખવામાં આવ્યો હતો અને પારડી જીવદયા ગ્રુપ દ્વારા નાસ્તાના ભાગરૂપે પોવાનો વિતરણ કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ શરબત પીધો હતો અને નાસ્તો કર્યો હતો. આ ઉત્સવ દરમિયાન વલસાડના સાંસદ ધવલ પટેલ પારડી પાર નદીમાં આવી પહોંચ્યા હતા અને એમનો માંગેલા લાઈફ સેવા ટ્રસ્ટ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓએ ગણપતિ બાપા અને જયશ્રી રામના નારા લગાવ્યા એમની સાથે ભક્તો એ પણ ગણપતિ બાપા અને જય શ્રીરામના નારા લગાવી હતા શાંતિમય વાતાવરણમાં પારડી નગરપાલિકા દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા અને લાઈટ તથા મંડપ ડેકોરેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જેથી સુંદર રીતે વિસર્જનની કામગીરી પૂર્ણ થઈ હતી. પારડી પોલીસ મથકના પીઆઇ ગઢવીની ટીમે ચોક્કસ બંદોબસ્ત ગોઠવ્યો હતો અને શાંતિમય રીતે વિસર્જનની પ્રક્રિયા મોડી રાત સુધી પૂર્ણ થઈ હતી.

## સુબિરમાં ગણપતિ વિસર્જન દરમ્યાન નદીમાં ડૂબવાથી એકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા,તા.૧૮:** ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં આજરોજ છેલ્લા દિવસે શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરાયુ હતું. તેવામાં ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાનાં જુન્નેર ગામનો આધેડ ગણપતિ વિસર્જન વેળાએ ડૂબીને મોતને ભેટતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં જુન્નેર ગામ ખાતે ગણપતિ વિસર્જન વેળાએ નદીમાં ડૂબી જવાથી ૬૫ વર્ષીય આધેડનું મોત નિપજ્યું હતું. સુબીર તાલુકાનાં જુન્નેર ગામે રહેતા સીતારામભાઈ લાહનુભાઈ ચૌધરી ગ્રામજનો સાથે મારગ્યા ધોધડ નદીનાં નવા બ્રિજ પાસે ગણપતિ વિસર્જન અર્થે આવ્યાં હતાં. જોકે તે વેળાએ આ આધેડનું નદીનાં પાણીમાં ડૂબી જવાથી મોત નિપજતા દોડધામ મચી જવા પામી હતી. ત્યારે આ બનાવની જાણ સુબિર પોલીસ મથકનાં પી.એસ.આઈ. કે. જે. ચૌધરી સહીત તાલુકા વિકાસ અધિકારી એમ.બી. હાથીવાલાને થતા તેઓ તથા વહીવટી તંત્રની ટીમ ઘટના સ્થળે ધસી ગઈ હતી અને આધેડની લાશનો કબજો મેળવી વધુ તજવીજ હાથ ધરી હતી.

# ચર્ચાનો ચોતરો


**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક

**ચર્ચાનો ચોતરો વિભાગ:** દમણગંગા ટાઈમ્સ, ને.હા.નં. ૪૮, પો.બો.નં.૩૨, વાપી


## વિ-સર્જન



બસ... બાપ્પા પણ નિજ ધામ પહોંચી ગયાં. ધ્વનિ પ્રદુષણ, અસહ્ય ઉકળાટ વાળું વાતાવરણ, દુષિત પાણી અને અધધધ ભક્તિથી ઘેરાયેલા, થાકેલા અને ગુંગળાયેલા ગણપતિ બે દિવસ થયા છતાં હજી ઉંઘે છે. ઉઠીને લાડવા નહીં ચોક્કસ જ પીઝા માંગશે. વળી, પાર્વતી માતા એમને ખૂબ સારી રીતે ઘસી ઘસીને નવડાવશે. કારણકે પૃથ્વીનો માનવી તો ભગવાનને પણ અભડાવે છે. ચિંતા તો એ છે કે બાપ્પા ભગવાનનું નામ સ્મરણ કે ભજન કરવાને બદલે કોઈ ઈતના ખૂબસૂરત કૈસે હો શકતાં હૈ ગીત ન ગાય તો સારું. નહીં તો શંકર ભગવાનનું ત્રિનેત્ર ખુલશે. પણ હા, રિદ્ધિ સિદ્ધિ ખૂબ ખુશ થશે. આ તો જે રીતે બાપ્પાનું વિસર્જન થયું હોય એનો પ્રભાવ થોડાં દિવસ તો એમનાં ઉપર પણ રહેશે ને!??? આમ છતાં પણ આપણાં સૌના દુઃખ - દર્દ, દરેક વિઘ્નો દૂર કરીને વિઘ્નહર્તા નિજ ધામ ગયા છે. આવતાં વરસે જલ્દી આવજો.

વિસર્જન શબ્દનાં પણ બે અર્થ થાય છે. વિસર્જન એટલે કે બાપ્પાની સાથે સાથે આપણામાં રહેલાં અવગુણોનું પણ વિસર્જન અને એ અવગુણો નીકળી ગયાં પછી જે કંઈ નવસર્જિત બને છે એ જ વિ-સર્જન.

વિ-સર્જનનો એકદમ સરળ ઉપાય સ્વીકાર. કંઈક નવું કરવા માટે જૂનું છોડીને નવું અપનાવવું પડતું હોય છે. સર્જન અને વિસર્જનની પ્રક્રિયા નિરંતર ચાલતી જ રહેવાની. માણસે જરૂરિયાત પ્રમાણે પોતાની જાતમાં પરિવર્તન લાવીને સંપૂર્ણ જીવનનો સ્વીકાર કરવાનો રહે છે. જ્યારથી આપણે બધું જ સ્વીકારવા માંડીએ છીએ ત્યારથી જ આપોઆપ આપણી આસપાસ નવી નવી ઘટનાઓ ઘટી રહી હોય એવું આપણને જણાય છે. આ બધી જ ઘટનાઓ પહેલા પણ ઘટિત થતી જ હતી પરંતુ ત્યારે આપણી પાસે દ્રષ્ટિ ન હતી અથવા તો સ્વીકારવાની ક્ષમતા ન હતી. સ્વીકારવાની ક્ષમતા આવી જવાથી અને માત્ર દ્રષ્ટિ પણ બદલી નાખવાથી આપણાં જીવનમાં ધરખમ ફેરફાર થઈ જતો હોય છે.

જે મળ્યું છે એનો સ્વીકાર કરીને એની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં થઈ જઈએ એટલે જીવન આપોઆપ આપણને ગમે એવું થઈ જતું હોય છે. કારણ કે કૃતજ્ઞતા ત્યારે જ વ્યક્ત કરી શકાય જ્યારે ફરિયાદ આપણામાંથી વિસર્જિત થઈ જાય અને ફરિયાદનું ન હોવું એ સ્વીકારની પહેલી શરત છે.

વિ-સર્જન કરવું હોય તો પહેલાં આપણે આપણી આખેઆખી જાતનું વિસર્જન કરવું પડે. પછી ટીપી ટીપીને,આપણને ગમે એ રીતે આપણી જાતને ઘડવી પડતી હોય છે. અને ત્યારબાદ પોતાનું વિ-સર્જન કરવું પડતું હોય છે.

જેમ દર વર્ષે આપણે બાપ્પાનું વિસર્જન કરીએ છીએ એમ જ સમયે સમયે આપણે પણ આપણી જાતનું વિસર્જન કરીને પોતાને વિ-સર્જિત કરવા પડતા હોય છે. ત્યારે જ જીવન જીવવા અને ઉજવવા લાયક બની રહેતું હોય છે.

આપણાં સૌમાં આ વિસર્જનની પ્રક્રિયા સમયાંતરે થતી રહે એ જ વિઘ્નહર્તાના ચરણોમાં પ્રાર્થના.

**- કિંજલ પંડયા, પારડી**

## સંસ્કૃત ભાષાનો મનુષ્યના તંદુરસ્ત વિકાસમાં ફાળો



સંસ્કૃત એ સુંદર સંસ્કારો વડે મનુષ્યનું શ્રેષ્ઠ ઘડતર કરનારી દેવું ભાષા છે સંસ્કૃત એ વિશ્વની સૌથી પ્રાચીન ભાષા છે. ભારતીય સંસ્કૃતિના ઈતિહાસ પહેલા તત્વજ્ઞાન સાહિત્ય ધર્મ ભાષા રહેણી કહાની વગેરે દરેક પાસાઓનો આધાર સ્તંભ મેરુદંડ હોય તો તે એકમાત્ર સંસ્કૃત ભાષા જ છે તેથી કહેવાયું છે કે, સંસ્કૃતને પામ્યા વિના ભારતીય સંસ્કૃતિને પામી ન શકાય.

વળી વિશ્વકક્ષાએ સ્થાન પ્રાપ્ત કરનાર વિશ્વનું સૌથી પ્રાચીન અને પ્રથમ પુસ્તક ઋગ્વેદ ૧,૦૦,૦૦૦ શ્લોકના પરિમાણ વાળો વિશાળ કાર્યક્રમ ગ્રંથ મહાભારત આદિ કાવ્ય રામાયણ આચાર્ય પાણિનિ દ્વારા રચાયેલા અષ્ટાંગ ધ્યાઇ નામનો વ્યાકરણ ગ્રંથ પંડિત વિષ્ણુ શર્મા રચિત પંચતંત્ર નામનો પ્રાણી કથાનો ગ્રંથ જેનો વિશ્વની દરેક ભાષામાં અનુવાદ થયેલો છે. જે સંસ્કૃત ભાષાની વિશેષના અને મહત્વ દર્શાવે છે. આ ઉપરાંત વેદો-વેદાંતો, ઉપનિષદો, કાવ્યશાસ્ત્ર, અલંકાર, સહસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણ વિજ્ઞાન, ભૂગોળ અને ખગોળશાસ્ત્ર, બ્રહ્માંડ ગ્રંથો, ચિકિત્સા શાસ્ત્ર વગેરે અનેક વિષયોનું ખેડાણ સંસ્કૃતમાં જ થયેલું છે.

ભારતીય ભાષાઓના વિકાસમાં પણ સંસ્કૃતનું પ્રદાન વિશેષ છે. સંસ્કૃત ભાષા બધી ભારતીય ભાષાઓની જનની છે કારણ કે, ગુજરાતી, હિન્દી, મરાઠી, પંજાબી, બંગાળી, આસામી, ઉડીયા વગેરે ભાષાઓનો ઉદ્ભવ સંસ્કૃત ભાષામાંથી જ થયો છે. ભારતીય ભાષાઓની મધુરતા અને સરળતા પણ સંસ્કૃત ભાષાને જ આભારી છે. આ પ્રત્યેક ભાષાઓનું વ્યાકરણ શબ્દભંડોળ વગેરે સંસ્કૃત આધારિત છે.

આપણા રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્‌ના ૯૦ ટકાથી વધારે શબ્દ સંસ્કૃતના છે. આપણો રાષ્ટ્રીય મુદ્રા લેખ સત્યમેવ જયતે પણ સંસ્કૃતમાં જ છે. આ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ યુનિવર્સિટી સામાજિક સંસ્થાઓના તમસોમાં જ્યોતિ ગર્ભમયહ કે સા વિદ્યા યા યા વિમુક્તાયે જેવા ધ્યેય વાક્યો કે સૂત્રો સંસ્કૃત ભાષામાં જ હોય છે તેનું કારણ એ છે કે, સંસ્કૃત ભાષા ભારતની એકતા અને જાળવી અને ટકાવી રાખી દેશભક્તિની ભાવનાને પોષનાર અગત્યનો પરિબળ છે.

વર્તમાન સમયમાં ખૂબ જ લોકપ્રિય બનેલું યોગ શિક્ષણનું મૂળ પણ સંસ્કૃતમાં જ છે. આમ સંસ્કૃત જ યોગ શાસ્ત્રનો જ્ઞાન વડે મનુષ્યને તંદુરસ્ત શારીરિક વિકાસ તરફ દોરી જાય છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલો કાવ્ય નાટક સુભાષિતો વડે વ્યક્તિને સામાજિક બૌદ્ધિક સંસ્કૃતિ વિકાસ થાય છે આ ઉપરાંત સત્ય વંદે માતૃદેવો ભવ પિતૃદેવો ભવ અતિથિ દેવો ભવ અને ધર્મવર સૂત્ર વાક્ય દ્વારા વ્યક્તિમાં સંયમ અને શિષ્ટાચાર જેવો સંસ્કારોનો સિંચન કરે છે. આથી મનુષ્યનો સર્વાંગી વિકાસમાં પણ ક્યાંક ને ક્યાંક સંસ્કૃત ભાષાનું સ્થાન ખૂબ જ અગત્યનું બની રહે છે કારણ કે સંસ્કૃત ભાષાનો પ્રત્યેક વિષય સાથે નિકટવર્તી સંબંધ છે. જીવનના અનેક જ્ઞાનનો દરેક પાસાને સંસ્કૃત સ્પર્શે છે. આવી જ કહેવાયું છે કે, સંસ્કૃતના અધ્યયનને સેવન કરવું જોઈએ. વળી, સંસ્કૃત ભાષા દેવા પાસા સંસ્કારની ભાષા ઉપરાંત સર્વ સન્માનનીય ભાષા છે. દરેક વિષયના જ્ઞાનની પ્રાપ્તિ માટે સંસ્કૃતનું અધ્યયન અતિ આવશ્યક બની રહે છે. સંસ્કૃત ભાષાએ અમૂલ્ય જ્ઞાનની રચના કરે છે. આથી મનુષ્યનો તંદુરસ્ત સામાજિક સાંસ્કૃતિક જ્ઞાનાત્મક અને ભાવાત્મક વિકાસમાં સંસ્કૃતનું સ્થાન અતિ મહત્વનો છે.

**-હર્ષદ દેસાઈ, વટાર**

## ભૂલોનો સ્વીકાર



દરેક માનવી ભૂલ તો કરે જ છે. થયેલી ભૂલોમાંથી કંઈક શીખે છે તેવા માનવી જીવનમાં ક્યારેય પણ હેરાન પરેશાન કે દુઃખી થતો નથી. ઘણા લોકો ભૂલ કરીને છુપાવવાનો પ્રયાસ કરે છે તેવી ભૂલો ક્યારે પણ સુધરતી નથી ભૂલને છુપાવવા નો કોઈ જ અર્થ નથી જે ભૂલો આપણી થઈ છે તેને નવેસરથી સુધારી લઈ તેમાં જ ખરી મજા છે ભૂલ છુપાવવા કરવામાં કોઈ જ મજાકે શોખ નથી કઈ રીતે આપણે બધા જોઈએ કરીએ તો થયેલી ભૂલો સ્વીકારવા સૌથી મોટું સુખ છે. ઘણીવાર આપણે બધા નાની અમથી ભૂલ કરીએ છીએ તે સ્વાભાવિક છે તે આપણને સમજાય છે પરંતુ આપણાથી થયેલી મોટી ભૂલો આપણે ક્યારે પણ સમજાતી નથી. આજે ભૂલ કરીને માનવ પોતાના જીવનમાં આગળ વધી જાય છે પણ તે ભૂલને સુધારાનો ક્યારે પણ પ્રયત્ન કરતો નથી. માનવના જીવનમાં ભૂલ એક વ્યસનની જેમ વસી ગઈ છે. જો માનવી થયેલી ભૂલોનો સ્વીકાર કરી તેને સુધારવાનો પ્રયત્ન કરે તો તેને અવશ્યપણે શાંતિ અને સુખ મળશે ભૂલ સુધારવા કરવાનો સાચું ગણિત એ છે કે, થયેલી ભૂલોને છુપાવવા કરવાનો પ્રયત્ન ક્યારે પણ કરવો ન જોઈએ. ભૂલને સુધારવા હંમેશા તત્પર રહેવું તે જ સજ્જન ઈન્સાનને શોભા આપે છે. ભૂલ થાય ત્યારે હારી જવું નહીં કંઈક શીખવા કરવા માટે સદા તત્પર રહેવું તે તે સુખી જીવનનું સાચું રહસ્ય છે. ઘણીવાર આપણાથી હાલતાને ચાલતા ભૂલ થઈ જતી હોય છે તે ભૂલોને આપણે નજર અંદાજ કરીને ભૂલી જતા હોય છે પણ તેને ક્યારેય પણ નજર અંદાજ કે ભૂલવું ન જોઈએ તે ભૂલને તરત જ આપણે સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ જેથી આપણને જીવનમાં શાંતિ અને સુખ મળી રહે.

**- જયેશ જી. થાનકી, વાપી.**

## નારી એ અબળા નથી પણ સાક્ષાત શક્તિ છે



વર્તમાન સમયમાં દિવસે ને દિવસે લોકોને લૂંટવાના, ખાસ કરીને દિવસ દરમિયાન સ્ત્રીઓને લૂંટવાના અનેક કિસ્સાઓ રોજના વર્તમાનપત્રો અને ટી.વી. પડદા પર નજરે પડે છે. દિન પ્રતિદિન લૂંટવાની ઘટનાઓ બનતી જ રહે છે. સવિશેષ તો આ કિસ્સાઓમાં મહિલાઓ જ લૂંટાય છે. ઘણી મહિલાઓએ પોતાના પૈસા, સોના- ચાંદીના દાગીના, જેવા કે, મંગલસૂત્ર, વીંટી, બંગડીઓ, ગળાની ચેન, અને ખાસ તો મોબાઈલ ગુમાવ્યા છે. ખરેખર! હવે તો મહિલાઓએ કુંભકર્ણની ઊંઘમાંથી જાગવું જ પડશે. સાવધાન થવું જ પડશે. દરેક મહિલાઓએ ઘરની બહાર નીકળતા પહેલાં આટલું તો અવશ્ય કરવું જ પડશે. લૂંટારૂ ટોળકીના વ્યક્તિઓને ઓળખવી પડશે. ખોટા પ્રલોભનો કે સ્પીચપાવરથી દૂર રહેવું. બીજા પર વધારે પડતો મૂકેલો વિશ્વાસ પણ મુશ્કેલીમાં મૂકી શકે છે. સુંદર વસ્ત્રોમાં સજ્જ અજાણી વ્યક્તિ સાથે પરિચય ન કેળવો. એકલા જવાનું ટાળવું. ત્રણ ચાર બહેનોએ સાથે જ જવું. ખાસ વાત, દરેક બહેનો પાસે નજીકના પોલીસ સ્ટેશનનો ફોન નંબર હોવો જ જોઈએ. ક્યારે પણ કોઈ પણ વ્યક્તિ શંકા શીલ જણાય તો તુરંત જ પોલીસને જાણ કરવી. પોલીસને મિત્રભાવે મદદ થવું એ આપણી સૌની ફરજ છે. સ્ત્રીઓને મળેલી સુંદરતા એ કુદરત તરફથી મળેલી મોટામાં મોટી બક્ષિસ છે. તેમાં નિખાર લાવવા માટે સોના ચાંદીના ઘરેણાંઓ પહેરવાની આવશ્યકતા જ નથી. છતાંપણ ખૂબ જ ઈચ્છા થાય તો બગસરાની બનાવટનાં ઘરેણાઓ પહેરી શકાય. ગામ શહેરમાં સક્રિય થયેલી લૂટારૂ ટોળકીને પાઠ ભણાવવા માટે હવે મહિલાઓએ રાણી લક્ષ્મીબાઈ, દુર્ગાવતી, અહલ્યા બનીને વીરતા દાખવી જ પડશે. આજની નારીએ અબળા નહીં પણ સબળા બની, સાક્ષાત શક્તિને સાબિત કરવાનો સમય પાકી ગયો છે. વીરાંગનાઓ બનીને આધુનિક લૂટારાઓને લૂંટવા મેદાને ઉતરવું જ પડશે..... સમજુ મા-બાપને આટલું ચોક્કસ કહીશ કે-

**દીકરીને દુર્ગા બનાવો,**
**વાત સીતા દ્રૌપદીની સમજાવો.**
**ડરીને ક્યાં સુધી ચાલશે?**
**ક્યારેક રોતી રોતી આવશે,**
**એક વાત હૈયાની વાત જણાવો,**
**દીકરીને દુર્ગા બનાવો.**
**દીકરી છે ઘરનો દીવો,**
**આ સમાજ મૂંગો છે કેવો!**
**મન મૂકીને તેને ભણાવો,**
**દીકરીને દુર્ગા બનાવો..**

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## માનવ જીવનમાં નિષ્ઠુરતા ક્યારે વધી જાય છે



માણસના જીવનમાં અનેક ઉતાર ચડાવ આવતો હોય છે સુખ અને દુઃખ જેમ સિક્કાની બે બાજુ છે સમય એક સમાન કોઈ ન હોતો નથી ક્યારે અનહદ સુખને લાગણી અનુભવાતી હોય છે તો વળી ક્યારેક વિજ્ઞાન દુઃખોની વધુ પડતી જાણે સંવેદના અનુભવાતી હોય છે નરસિંહ કવિએ લખ્યું છે તેમ સુખ દુઃખ મનમાં આણી એ રે ઘટ્ટ સાથે રે ઘડિયા મનમાં એને વાગોડીવા સી કઈ મળવાનો નથી છતાં વિચારશીલ ભીની લાગણી સંવેદના માણસ માત્રમાં હોય છે. સુખ અને દુઃખ તો ઘટનાઓથી જોડાયેલી ચીજ છે. કોઈ સારી ઘટના પ્રસંગનો અનુભવ થાય તો સુખની લાગણી અનુભવાય અને જો ખરાબ ઘટનાઓનો અનુભવ થાય તો દુઃખની લાગણી અનુભવાય છે ભૌતિક સંપત્તિઓની જાહોજલાલીની પરમાર ખૂબ જ વધી ગઈ છે. મનુષ્ય પાસે જ્યારે પુષ્કળ વધી જાય છે. ત્યારે મનને કાબુમાં રાખવાનું કામ અશક્યાવત બની જતું હોય છે. મીડિયાનો જમાનો યંત્ર યુગ છે નવા નવા સંશોધનોમાં વ્યક્તિ આજે શોધે છે. ભૌતિક સંસાધનોનો પૂરેપૂરો ઉપયોગ માનવી કરી શકતો નથી. છતાં તેને અસુખ જેવું લાગતું હોય છે. શાંતિથી બે ઘડી બેસી પણ નથી શકતો. આ કરું પહેલું કરું આ બાકી તે બાકી માં જિંદગીના અમૂલ્ય વર્ષો ખરીદી કાઢે છે. પરંતુ સુખ ઝાંઝવાના જળ જેવા દૂર દૂર દેખાતા જળની જેમ આભાસ કરાવતા હોય છે પરંતુ સાચા સુખની નિરાંત મોકળાશની ક્ષણ એની મળતી નથી. સુખ દુઃખના ઈન્દ્રોમાં ફસાયેલા માણસ નિરુષ્ઠ બની જતો જોવા મળે છે. ભૌતિક સમૃદ્ધિ જીવતરમાં એક સગવડ પૂરી પાડે છે. બાકી શિસ્ત શાંતિ નથી આપી શકતા. આવશ્યક ચીજ વસ્તુઓથી માણસ ધરાતો નથી તો અબજો રૂપિયા ક્યારે થાય તે ભેગું કરવાની હાયમાંને હાયમાં જિંદગી રહી સહી પૂરી થઈ જતી હોય છે. લોભે લક્ષણ જાય છે અને કરોડો રૂપિયાનો ધણી એક દિવસ રોડ ઉપર આવી જાય છે. ગામમાં ઘર નહીં અને સીમમાં ખેતર નહીં એવો ઘાટ થાય છે. ધોબીનો કૂતરો નહીં ઘરનો નહીં ઘાટનો એવી હાલત માણસ માત્રની હોય છે તે વધુને વધુ નિષ્ઠુર બનતો જતો હોય છે. તડકા છાયડા તો જીવનમાં આવતા રહેવાના તેનો ખોટો અફસોસ કરવાનો કોઈ અર્થ નથી. લિમિટેડ આવશ્યકતામાં સુખ અને અનલિમિટેડ આવશ્યકતામાં દુઃખ સમાયેલાપણાનો ભાવ જીવનમાં જરૂરી છે.

**- રાયસીંગ ડી. વળવી, ધરમપુર**

## જીવનને મૂલ્યવાન બનાવવા માટે માનવી માનવ થાય તો ઘણું



ઈશ્વરે આપણને મનુષ્ય દેહ આપ્યો છે. એ એને કૃપા અને કરુણા છે. ઈશ્વરના આમ મહત્તમ ઉપકારને કદર કરતા નથી. ઈશ્વરે દીધેલા જીવતરને આપણે ઈશ્વરને ગમે નહીં એવા કર્મોથી દૂષિત કરી રહ્યા છીએ. સવારની જાગૃતિથી રાત્રિની નિદ્રા સુધી માનવી અસત્યનો પાલવ પકડે છે અસત્ય એટલે જે સારું નથી, વાસ્તવિક નથી, સત્ય પરમેશ્વરનું રૂપ છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો આ સભ્યને જીવનમાં સ્થાન આપવું એટલે પરમેશ્વરની ઉપેક્ષા કરવી છે. મન અસત્યમાં સપડાયેલું છે તેમાં સત્યને જાણી ન શકે અને તે અપ્રામાણિકતા અને કપટ વૃત્તિ છે.

માનવીમાં કેટલી ખામીઓ સ્વભાવગત દોષો હોય છે પણ એ પોતે એને જોતો નથી. કપાળ પર માનવીને રજકણ ન દેખાય એ સ્વાભાવિક છે પણ જ્યારે એ દર્પણમાં જુએ છે ત્યારે એ રાજકારણના અસ્તિત્વ થી સભાન થઈ અને તેને દૂર કરે છે તેમ આત્મારૂપી દર્પણમાં આંતર ચક્ષુ થી અવલોકન કરી માનવીએ પોતાના અંતરમાં જોવા જોઈએ. માનવીના મોટામાં મોટું દુર્ગુણો માનો એક છે. માનવી સકારાત્મક દ્રષ્ટિ થી બીજાને જોતો નથી ત્યારે જ એનામાં બીજાના દોષો દેખાય છે. માનવીને કોઈપણ ક્ષેત્રમાં પદવી હોદો મળ્યો હોય તો કે પ્રસિદ્ધિ મળતી શરૂ થાય તો એનો અહંકાર આપો આપ શરૂ થઈ જાય છે. કોઈને રૂપનું કોઈને પૈસાનું એવા અનેક પ્રકારના અહંકારના સ્ત્રોતો છે. રાવણ અને દુર્યોધનના અહંકારે એમનો વિનાશ કર્યો. શબરી, કેવટ, નરસિંહ મહેતા, મીરાબાઈ, સુદામા, સંત મહંતોના જીવનમાં અહંકાર પ્રવેશી શક્યો નહીં એટલે એમની અહંકાર વિનાની ભકિતભાવના સ્વીકારી જે ઈતિહાસના સુવર્ણ અક્ષરે લખાયેલી છે. એ લોભ, લાલચ, બુરાઈ, વાણી, વર્તનમાં અભ્યાસ હતા. માનવીના જીવનને ઠેસ પહોંચાડવાની છે. માનવીએ હરીફાઈ કરવી જોઈએ પણ ઈર્ષા ન કરવી જોઈએ. ખેલ દિલી રાખવી જોઈએ કોઈની બુરાઈ ન કરવી જોઈએ. માનવી માટે સૌ વાતની એક વાત માનવીનું સકારાત્મક આચરણ તેના જીવનની યાત્રામાં તેના વિકાસમાં અગ્રેસર રહે છે મનુષ્યનું ચરણ તેને મંદિર સુધી પહોંચાડે છે પરંતુ મનુષ્યનું આચરણ તેને ઈશ્વર સુધી પહોંચાડે છે કાયા, માયા અને મન આ ત્રણ વચ્ચે એક સૂત્રતા હોય તો તે સુસંગત આચરણ તરીકે ઓળખાય છે પણ એ ત્રણે જુદી જુદી દિશામાં જતા હોય તો તે વિસંગત આચાર કહેવાય છે. હંમેશા સારું વર્તન કરો. સારું વિચારો સારું બોલો હદયરૂપી છોડને કરુણા અને પ્રેમથી પલ્લવિત રાખો. એક સત્ય હરેક માનવીએ સ્વીકારીને ચાલવું પડશે કર્મો જ તમારું ભાવિ નક્કી કરશે. માનવીની માનવતા એ ઈશ્વરની પ્રથમ પસંદગી છે.

**-પ્રવીણચંદ્ર ચુનીલાલ દેસાઈ, વટાર**

## સર્જનને સ્વીકારો તો વિસર્જન પણ સ્વીકારતા શીખીયે?



ગણેશ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ભક્તિ અને શ્રદ્ધા સાથે ઉજવાયો. બપ્પા દરેકના ઘરોમાં આગમન કરી વિસર્જિત થઈ ગયા. એમનું સર્જન થયું અને પછી વિસર્જન. દર વર્ષે ગણપતિ ઉત્સવ આવી રીતે ઉજવવામાં આવે છે. જ્યારે ઘરે પધરામણી કરીએ છીએ ત્યારે ઘર આપણું જાજરમાન થઈ જાય છે. જાણે દિવાળીના દસ દિવસ ઉજવતા હોય તેવો માહોલ થઈ જાય છે. તોરણ, સજાવટો, રોશની દસ દિવસ સુધી ધર, મોહલ્લામાં એક અલગ ઉત્સાહમાં પરોવી દે છે. જેની યાદો આવતા વર્ષ સુધી આપણને રહે છે. જેટલું જબરદસ્ત જેનુ આગમન તેના કરતાં વધારે ભવ્યતાથી તેનુ વિસર્જન છે. કહ્યું છે ને મનુષ્યના જીવનમાં જેનું આગમન જેટલા જોરશોરથી થાય છે તેની વિદાય પણ એટલી જ જોરદાર હોવી જોઈએ. વિઘ્નહર્તાની આવવાની અને જવાની બંનેની તિથિ નક્કી છે. પણ આપણી, મનુષ્યની આવવાની તારીખ કે જવાની તારીખ નક્કીનથી. પણ લંબોદરતો એ સમજાવે છે કે જે આવ્યું છે તે જવાનું છે. જેનું સર્જન છે. તેનું વિસર્જન પણ છે. વિસર્જન એટલે ત્યાગવુ ,દાન કરવું. વિસર્જન એટલે કોઈ વસ્તુ, પદાર્થને ડુબાડી તેને સંપૂર્ણ રીતે ઢાંકવું. જેવી રીતે આપણું આ શરીર અગ્નિમાં વિસર્જિત થઈ જાય છે. વિસર્જન એ જ સંદેશો આપે છે કે દરેક વિઘ્નોને સમાપ્ત કરી આગળ ચાલવું. એ એ જ સમજાવે છે કે એક દિવસ બધુંજ કુદરતમાં વિલીન થઈ જવાનું છે. પંચતત્વોમાં ભળી જવાનું છે અને સર્જન કરતા વિસર્જનનો મહિમા વધારે છે. કારણ કે અંત છે તો આરંભ છે. ગણેશ વિસર્જન દુનિયાને એ સંદેશો આપે છે કે માટીમાંથી થયેલું સર્જન ફરી પાછું માટીમાં જ મળી જવાનું છે. માટીથી બનેલી દાદાની મૂર્તિ જે રીતે પાણીમાં વિસર્જિત થઈને ફરી માટીએ પહોંચે છે. તે જ રીતે આપણું આ શરીર માટીમાંથી જન્મી માટીમાં ભળી જઈને પરલોક પામી જશે. પણ આપણે એ સમજવાનું છે કે આવવા અને જવાના વચ્ચેનો જે આ સમયગાળો છે તેને કેવી રીતે જીવીએ. ગણપતિ સર્જન સમજાવે છે આજીવન આપણી સાથે કશું સાથે રહેવાનું નથી. આમાં તો હું ધન, દોલત વસ્તુઓ, સુખ સુવિધા એનીતો વાતો જ નથી કરતી. ફક્ત આપણા શરીરની જ વાત કરું છું કે ક્યારે તેના વિસર્જનનો સમય આવશે તે કોઈને ખબર નથી. તો પછી આ બધી વસ્તુ તો ગૌણ છે. વ્યક્તિને નિર્વાહ માટેની જરૂરીયાત ઈશ્વર પૂરી પાડે એ જ એનો મોટો ઉપકાર છે અને આ જીવનમાં સનાતન કાંઈ નથી. ફક્ત એ ઈશ્વર જ સનાતન સત્ય છે. એ પણ સમજવાની જરૂર છે. આપણી ગમતી પળો પણ નિર્ધારિત સમયે આવશે અને આપણા જ હતો એને આપણે ડુબાડી દેવી પણ પડશે. પણ ડૂબાડશો તો ફરી કંઈક નવું ઉત્પન્ન થશે આ તો એક ચક્ર છે. તમારામાં રહેલા અંહકાર, ઈર્ષા ,છલ, કપટ એનુ વિસર્જન કરો. કંઈક નવા સર્જન માટે વિસર્જન જરૂરી છે. મોહ અને માયાનો ત્યાગ કરતા શીખો. જ્યાં સુધી તમારા અંદર રહેલી વિકૃતિનું વિસર્જન કરશો નહીં ત્યાં સુધી નવી કૃતિનું સર્જન કેવી રીતે થાશે. સર્જન સ્વીકારો તો વિસર્જન કરતા પણ શીખીએ.

**-જ્યોતિ યુ.પંડયા, અતુલ**

## આજનો
## હરીન્દ્ર દવે
(૧૯, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૩૦)



જન્મ અને મરણનાં બે બિંદુઓની વચ્ચે જીવનની વિવધ પરિસ્થિતિમાં કેવળ શબ્દ સાથે જીવનાર હરીન્દ્ર જયંતિલાલ દવેનો જન્મ કચ્છ જિલ્લાના ખમરા ગામમાં ૧૯, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૩૦ ના રોજ થયો હતો. તેમની ચૌદ વર્ષની ઉંમરે તેમણે પિતાના મૃત્યુને જોયેલું. ત્યારથી મરણનો ઓથાર તેમણે જીવનભર સહન કરેલો. ઓગણીસ વર્ષની ઉંમર સુધીનો એમને શૈશવ અને કિશોરકાળ ભાવનગરમાં વીતેલો. કહો કે ભાવનગરમાં એમનું ઘડતર થયેલું.

ગુજરાત એમને કુશળ અને સફળ પત્રકાર અને કવિ તરીકે ઓળખે છે. તેઓ એક સાચા અનુવાદક પણ હતા. સ્વભાવે સંવેદનશીલ અને અત્યંત કોમળ હૃદયના માણસ. મુંબઇમાં રહી એમ.એ. સુધી અભ્યાસ કરેલો. મીરાં અને કબીરની અધ્યાત્મિક અભિવ્યક્તિથી રસાયેલો એ જીવ ઈ.સ. ૧૯૫૦ પછી એમણે મુંબઈને પોતાનું વતન બનાવેલું. ઇ.સ. ૧૯૪૬ માં વિજરાય વૈદ્યએ માનસીમાં એમની કવિતા પ્રકાશિત કરેલી. ઈ.સ. ૧૯૪૮ માં 'સંસ્કૃતિ' માં એમનું એક ગીત પ્રસિદ્ધ થયેલું. તેઓ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે હાઈસ્કૂલના મેગેઝીન 'દીપિકાઁ માં એમની કવિતાઓ પ્રગટ થઈ હતી. ગાંધીજીની હત્યા થઈ ત્યારે એ ઘટના ઉપર કોલેજમાં કવિતા સજનની હરિફાઇ યોજાયેલી. એ સ્પર્ધામાં હરીન્દ્રભાઈએ ૫૦૦ પંક્તિનું કાવ્ય રચેલું જેને પ્રથમ પારિતોષિક મળેલું. તે સમયના જાણીતા વિવેચક ભૃગુરાય અંજારિયાએ કવિ તરીકે તેમનું ઘડતર કરેલું. હરીન્દ્રભાઈનું જીવન મથામણમાં વીત્યું છે. ગરીબાઈને એમણે નજીકથી જોઈ છે. પણ ગરીબી સામે માથું ખંજવાળ્યું નથી. તેઓ જીવનભર સ્વમાનથી જીવ્યા હતા. વ્યક્તિત્વ સાદું, સરળ છતાં આકર્ષક. ફિલ્મી જગત સાથે પણ એમનો ઘરોબો. 'ચિત્રપટ' સાપ્તાહિકમાં કશુંક લખતા રહેતા. ફિલ્મી હસ્તીઓ એમની મુલાકાતે આવતી. ગુરુદત્તનો એમની પર વિશેષ પ્રભાવ છે. જે એમની નવલકથા મુખવટો માં સ્પષ્ટ જોઈ શકાય છે. સમર સેટ મોમ અને હેન્રી મિલર એમની કવિતાના આદર્શ હતા. હરીન્દ્રને ગઝલો અતિશયપ્રિય હતી. ઈ.સ. ૧૯૬૧માં એમ.એ. માં ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા ત્યારે એમને જે હતાશા થયેલી એવી હતાશા જીવનમાં ક્યારેય અનુભવી ન હતી. એ વેદનામાંથી પ્રગટેલું ગીત ગુજરાતી ગીતોમાનું એક ઉત્તમ ગીત બની રહ્યું છે. 'એક રજકણ સૂરજ થવાને શમણે ઊગમણે જઈ ચઢે, પલકમાં ઢળી પડે આથમણે.' આ ગીત કોકિલકંડી સૂરસામ્રાજ્ઞી લતા મંગેશ્કરના કંઠેથી વહેતું થયું હતું. ઈ.સ. ૧૯૬૨ માં તેમણે સમર્પણનું તંત્રીપદ સંભાળેલું. આમ તેઓ ભારતીય વિદ્યાભવન સાથે સંકળાઈને કનૈયાલાલ મુનશીના પરિચયમાં આવેલા. તેઓ મુનશીની નવલકથા કૃષ્ણાવતારને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ઉતારતા. પરિણામે તેમની પાસેથી આપણને માધવ ક્યાંય નથી જેવી કાવ્યત્મક નવલકથા પ્રાપ્ત થઈ. કૃષ્ણ અને માનવ સંબંધો જેવી રચના પણ હરીન્દ્રની કલમમાંથી અવતરી. અનુવાદક તરીકે પણ તેઓ ખલી ઊઠયા છે.એમની પાસેથી આપણને સાત જેટલા અંગ્રેજી નવલકથાઓના અનુવાદો મળ્યા છે. તેમણે ઘણાં વિદેશી કવિઓનાં કાવ્યો પણ ગુજરાતીમાં અવતાર્યાં છે. જેમાં ટી.એસ.એલિયેટનું 'વેસ્ટલેન્ડ' મહત્વનું બની રહ્યું છે. તેઓ આજીવન એક પત્રકાર તરીકે જીવ્યા છે. 'જનશક્તિ', 'જન્મભૂમિ' અને પ્રવાસીનું તંત્રીપદ પણ તેમણે સંભાળેલું. ઈ.સ. ૧૯૯૪ માં શ્રેષ્ઠ તંત્રીલેખ માટેનું ગુજરાત સરકારનું તેમને પારિતોષિક પ્રાપ્ત થયું હતું. તેમણે ઈ.સ. ૧૯૭૮ માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, ઈ.સ. ૧૯૮૨ માં રણજીતરામ સુવર્ણચંદ્રક, ઈ.સ. ૧૯૯૦ માં બી.ડી. ગોયેન્કા એવોર્ડ, ઈ.સ. ૧૯૯૨ માં ક.મા. મુનશી સુવર્ણચંદ્રક, ઈ.સ. ૧૯૯૨ માંશેખાદમ આબુવાલા પત્રકારત્વ એવોર્ડ તથા ઈ.સ. ૧૯૯૨ માં કબીર સન્માન જાવાં અસંખ્ય સન્માનો પ્રાપ્ત કર્યાં હતાં.

એ જેટલા સાહિત્યના જીવ હતા એટલા જ રાજકારણના. છતાં કોઇના અંગત વ્યક્તિત્વને ઠેસ પહોંચે એવું લખવાનું એમના સ્વભાવમાં નહીં. એ જે કંઈ કહેતા એ સત્ય જ કહેતા. તેમની છબી ઉદાર પત્રકારની હતી.

હરીન્દ્ર દવેનો પ્રથમ કાવ્યસંગ્રહ આસવ ઈ.સ. ૧૯૬૧ માં પ્રગટ થયેલો. ખાસ કરીને તેમણે ગીતકાર અને ગઝલકાર તરીકે કાઠું કાઢેલું. એમની ગઝલ પર કોઇની અસર થઇ હોય એમ લાગતું નથી. હરીન્દ્ર સ્વતંત્ર મિજાજના કવિ હતા. તેમની ગઝલનો એક શૅઅર જોઈએ. આંસુને પી ગયો છું મને ખયાલ પણ નથી, એક રણ તરી ગયો છું, મને ખયાલ પણ નથી.' તેમનો સ્વભાવ રેશમી હતો. એ નિદય તો એમની જાત પ્રત્યે હતા. વિષના ઘૂંટડા ગળી જઈને તેઓ અમૃતના ઓડકાર ખાનારા હતા. ક્ષણે ક્ષણે મિજાજ બદલતા તેઓ જાતે જ સંઘર્ષને ઈજન આપતા. એમનું જીવન વધુ પડતું સંવેદનશીલ હતું. હરીન્દ્રએ ઉત્તમ ગીતકાર તરીકે સાહિત્ય જગતમાં તેમનું સ્થાન પ્રસ્થાપિત કરી દીધું છે. રાધાકૃષ્ણનાં પ્રણયગીતો એમની કવિતાનો ઉત્તમ કાલ છે. આસવ પછી એમનો કાવ્યસંગ્રહ મૌન પ્રગટ થયેલો. જીવનના વૃંદાવનમાં લોકગીત સમું એમનું અતિ પ્રસિદ્ધ ગીત છે. 'ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં. માધવ ક્યાંય નથી મધુવનમાં. પ્રેમ, મૃત્યુ અને પ્રભુ હરીન્દ્રની કવિતાના કેન્દ્રવર્તી વિષયો. બીજાં કાવ્ય સ્વરૂપો ઉપર હાથ અજમાવ્યા છતાં તેઓ ગીત અને ગઝલ રચનામાં સફળ થયા છે. એટલા બીજાં સ્વરૂપોમાં સફળ થયા નથી. તેમણે ચૌદ જેટલી નવલો લખી છે. એમની નવલો મૃત્યુની આસપાસ ગૂંથાયેલી છે. અગનપંખી, 'પળનાં પ્રતિબિંબ', અનાગત', અને 'માધવ ક્યાંય નથી એમની જાણીતી નવલકથાઓ છે. 'વિવેચનની ક્ષણો', દયારામ, ગાલીબ, કવિ અને કવિતા અને કલમની પાંખે એમનાં વિવેચનનાં પુસ્તકો છે. ગુજરાતી સાહિત્યનો આ મહાન ગીતકવિ ૨૯, માર્ચ, ઇ.સ. ૧૯૯૫ ના રોજ કલમની પાંખે સવાર થઈ આગોચર પ્રદેશ ભણી ચાલી નીકળેલો.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ 9825122505,9558820014

# સ્વચ્છ વાપી માટે નગરજનોનું યોગદાન જરૂરીઃ દંડક વિજય પટેલ

## વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના હસ્તે સ્વચ્છતા ક્ષેત્રે કામગીરી ઉત્કૃષ્ટ કામગીરી કરનાર નગરપાલિકાના સફાઇ કામદાર અને વિવિધ ક્ષેત્રના વ્યકિતઓ/સંસ્થાઓને પ્રમાણપત્રો આપી સન્માન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** રાજય સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આજે તા. ૧૭ મી સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજયમાં સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાની થીમ સાથે શરૂ થયેલ અને સરદાર વલ્લભભાઇ પટેલ જયંતિ તા. ૩૧ મી ઓકટોબર સુધી સ્વચ્છતા હી સેવા, સેવાસેતુ અને એક પેડ મા કે નામ અભિયાન હાથ ધરાયું છે.

આજથી શરૂ થયેલા આ ત્રણ અભિયાનનો વલસાડ જિલ્લામાં પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના વાપી ખાતે સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વાપી નગરના વ્યકિતઓ/સંસ્થાઓને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના હસ્તે પ્રમાણપત્રો આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

વાપી નગરપાલિકાના સીનીયર સીટીઝન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં અધ્યક્ષપદેથી શ્રી વિજયભાઇએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા તા. ૨ જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિએ શ્રધ્ધાજંલિ આપવા માટે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જનઆંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવ્યું છે. ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અન્વયે આ અભિયાન તા. ૧૭ મી થી તા. ૨ જી ઓકટોબર સુધી પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ રાજયના મુખ્યપ્રધાન ભૂપેન્દભાઇ પટેલ દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ ની કામગીરી અને પ્રાધાન્યતાને ધ્યાને લઇને આ અભિયાન તા. ૩૧ મી ઓકટોબર સુધી લંબાવવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત આપણે આગંણાની સફાઇ, શેરી/મહોલ્લો/ વિસ્તારની સાફ સફાઇ કરી આપણે આપણા નગરની, તાલુકાની, જિલ્લાની અને રાજયમાં સ્વચ્છતાની ઝૂંબેશ ચલાવવાની છે.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રીએ વાપી નગરના સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વાપી નગરપાલિકાના સફાઇ કામદાર ધર્મિષ્ઠાબેન જાડેજા અને બંકિમભાઇ ચાંપાનેરીને રૂા. ૧૦ હજારનો ચેક અને પ્રશસ્તિપ્રમાણપત્ર આપી સન્માન કર્યુ હતું. એ જ રીતે વાપીના વિવિધ ક્ષેત્રના વ્યકિતઓ/ સંસ્થાઓને પ્રમાણપત્રો આપી સન્માન કર્યુ હતું.

નાયબ મુખ્ય દંડકના હસ્તે સન્માનિત થયેલ વાપી નગરના વિવિધ ક્ષેત્રમાં હોટલ એશોસીએશનમાં પ્રથમ ક્રમે હોટલ પેપીલોન, દ્વિતીય ક્રમે હોટલ રંગોલી અને તૃતીય ક્રમે ગીરીરાજ હોટલ, રો હાઉસ/મહોલ્લા કેટેગરીમાં પ્રથમ રોયલ જેમ્સ ચલા, બીજા નંબરે શીવાલીક હાઇટસ ચલા અને તૃતીય ક્રમે પ્રમુખ ગ્રીન ચલાના વ્યવસ્થાપકો, કોર્મશીયલ બિલ્ડીંગ કેટેગરીમાં પ્રથમ સોનોરીયસ બિલ્ડીંગ, બીજા નંબરે કેપીટલ બીઝનેસ સેન્ટર અને ત્રીજા ક્રમે સેન્ટ્રલ બજાર, હોસ્પિટલ કેટેગરીમાં પ્રથમ શ્રેયસ મેડીકેર હોસ્પિટલ, બીજા નંબરે દિક્ષિત હોસ્પિટલ અને ત્રીજા નંબરે જીવનદીપ, સરકારી કચેરી કેટેગરીમાં પ્રથમ જીએસટી ભવન, બીજા નંબરે વાપી ટાઉન પોલીસ સ્ટેશન અને ત્રીજા નંબરે પી. ડબ્લયુ ડી કચેરી, ખાનગી શાળા કેટેગરીમાં પ્રથમ નંબરે એલ. જી. હરિયા સ્કૂલ ડુંગરા, બીજા નંબરે આર. એસ. જુનજુનવાલા અને ત્રીજા નંબરે સ્વામીનારાયણ ગુરૂકુળ તેમજ સરકારી શાળા કેટેગરીમાં પ્રથમ નંબરે કન્યાશાળા વાપી, બીજા નંબરે ચલા મુખ્ય પ્રાથમિક શાળા અને ત્રીજા નંબરે સુલપડ મુખ્ય પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં વાપી નગરપાલિકાના પ્રમુખ પંકજભાઇ પટેલ, ઉપપ્રમુખ દેવલબેન દેસાઇ, પૂર્વ પ્રમુખ કાશ્મીરા શાહ, માજી ઉપપ્રમુખ અભયભાઇ, સંગઠનના મહામંત્રી શિલ્પેશભાઇ દેસાઇ, પ્રાંત પારડી અંકિત ગોહિલ, નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેન ધીનૈયા તેમજ નગરપાલિકાના હોદ્દેદારો, કર્મચારીઓ અને સંબધિત સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

### રાજ્યના વન વિભાગ દ્વારા પ્રતિબંધીત એવા કોનોકોર્પસ વૃક્ષ

# વાપીની અનેક કંપનીના કમ્પાઉન્ડમાં હોવાથી કામદારોના આરોગ્યને જોખમી છતા કેમ હટાવાતા નથી?

## વાપી નોટીફાઇડ અને જીઆઇડીસીના ચીફ ઓફિસર દેવેન્દ્ર સગર અને નોટીફાઇડ બોર્ડના ચેરમેન કંપનીઓ વિરુધ કાર્યવાહી કરશે કે કેમ તેવા અનેક પ્રશ્નો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** વાપી જીઆઇડીસી પંથકમાં આવેલ અનેક કંપની પરિસરમાં રાજ્ય સરકારના પ્રતિબંધિત એવા કોનો કોપર્સના વૃક્ષો આજે પણ લહેરાતા જોવા મળે છે. સાથે આ વૃક્ષને કારણે નાના બાળકો તેમજ અસ્થમાના દર્દીઓ માટે અતિ જોખમી હોવા છતાં વૃક્ષોને હટાવવામાં કંપની સંચાલકો પોતાની મનમાની ચલાવી રહ્યા છે તો આ માનવીય લોકો માટે જોખમી વૃક્ષોને હટાવવામાં વન વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરાશે કે કેમ તેવા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ કોનો કરપસ વૃક્ષ આપણા ક્ષેત્રનું મૂળ નિવાસી વૃક્ષ નથી અને આ વૃક્ષ પર્યાવરણીય દુષ્ટ પ્રભાવોનું કારણ પણ બને છે તેમજ અસ્થમાના દર્દીઓ તથા બાળકોના આરોગ્ય માટે જોખમી સાબિત થયેલું એવું આ વૃક્ષને વર્ષ ૨૦૨૦ માં રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા પ્રતિબંધિત કરી દેવામાં આવ્યું હોવા છતાં આજે પણ વાપી જીઆઇડીસીના અનેક વિસ્તારોમાં આવેલ જાણીતી કંપનીઓ પરિસરમાં તેમજ કેટલીક જાહેર સંસ્થાકીય સંસ્થાના પરિસરમાં કોનો કરપર્શના વૃક્ષો લહેરાતા જોવા મળે છે. આ વૃક્ષોને લઈ વન વિભાગ દ્વારા જણાવ્યું છે કે તે મોટી માત્રામાં જમીનમાંથી ભુજળ શોષણ કરી લે છે અને સાથે તેના મૂળિયા ખૂબ જ ઓછા સમયમાં જમીનમાં વિસ્તરણ પામે છે. જેના કારણે પાણીના સ્રોત તેમજ ડ્રેનેજ લાઈનની પાઈપલાઇનને પણ ભારે નુકસાન થતું હોય છે ત્યારે વાપી જીઆઇડીસી ના જે ટાઈપ વિસ્તારમાં મુખ્ય માર્ગ ઉપર આવેલ એક કંપનીમાં તો જાણે કંપનીના ફરતે મોટા મોટા વૃક્ષો જોવા મળે છે તો સાથે વાપી જીઆઇડીસીના અન્ય વિસ્તારોમાં પણ આવેલી કંપની પરિસરમાં આ વૃક્ષો પર પ્રતિબંધ હોવા છતાં રોપી તેનો ઉછેર કરવામાં આવે છે તો આ અંગે તાત્કાલિક વન વિભાગની ટીમ તેમજ વાપી જીઆઇડીસી નોટિફાઇડના ચીફ ઓફિસર તેમજ અન્ય અધિકારી દ્વારા તાત્કાલિક વાપી જીઆઇડીસીની આ પ્રતિબંધિત વૃક્ષો પોતાના કાર્ય ક્ષેત્રમાં રાખતી કંપની સામે કાર્યવાહી કરે તેવી માંગ સ્થાનિક લોકો કરી રહ્યા છે.

# વાપીમાં વરસાદ બંધ થતા જ રસ્તા રીપેરની કામગીરી શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** સમગ્ર ગુજરાત રાજ્ય અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી પડેલા ખાડાઓને લઈને અનેક અકસ્માતોના બનાવો બનતા તેમજ વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા રીપેર કરવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ડ મંજૂર કરવામાં આવી હતી. જે અંતર્ગત હાલમાં વાપી પંથકમાં રસ્તા રીપેરની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેને લઇ વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ દૂર થવાની શક્યતાઓ દેખાઈ રહી છે ખાસ કરીને વાપી ટાઉન અને વાપી જીઆઇડીસી ચાર રસ્તા થી હાઈવે સર્વિસ રોડ ઉપર રસ્તાઓ ખૂબ જ ખરાબ થઈ જવા પામ્યા છે. જેને કારણે વાહન વ્યવહાર ધીમો પડતા ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતની ઘટનાઓ પણ વારંવાર બનતી રહે છે તો આજે વાપી ના મહાત્મા ગાંધી સર્કલ પીડબ્લ્યુડી વિભાગની કચેરી સામેનો રસ્તો રીપેર કરવાની શરૂઆત કરી છે તો અગામી દિવસોમાં વાપી પંથકના મોટાભાગના રસ્તાઓ ૧૫મી સપ્ટેમ્બર પહેલા રીપેર કરવાની જાહેરાત કરાઈ હતી પરંતુ હવે નવરાત્રી પહેલા આ રસ્તા રીપેર થશે કે કેમ તેવા પ્રશ્નો પણ સ્થાનિક લોકો તેમજ વાહન ચાલકો કરી રહ્યાં છે.

### સ્વચ્છતા રેકિંગ સ્પર્ધામાં

# વાપીની શ્રેયસ મેડિકર જનસેવા હોસ્પિટલને 'HOSPITAL' કટેગરીમાં પ્રથમ પુરસ્કાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** વાપી નગરપાલિકા દ્વારા યોજવામાં આવેલ સ્વછ્તા રેંકિંગ સ્પર્ધામાં ભાગ લેવામાં આવ્યો હતો, જેમાં સ્વછ્તાના તમામ માપદંડો શ્રેયસ મેડિકર જનસેવા હોસ્પિટલ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા હતા.

જેથી તેમને 'HOSPITAL' કટેગરીમાં પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

આ સમારંભમાં વાપી નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્યો તથા કર્મચારીઓની ઉપસ્થિતિ માં વિધાનસભા દંડક વિજયભાઈ પટેલના હસ્તે સમ્માન પ્રમાણપત્ર હોસ્પિટલ વતી ટ્રસ્ટી વીનયભાઈ દેસાઇ તેમજ આસીસ્ટટંટ એડમીન કલ્પેશભાઇ પટેલને આપવામાં આવ્યું હતું.

# વાપીની કેબીએસ કોલેજના વિદ્યાર્થીઓ રમતમાં ઝળકયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરીયા કોમર્સ એન્ડ નટરાજ સાયન્સીસ કોલેજ વાપીમાંવિદ્યાર્થી મિત્રોનેરમત ક્ષેત્રે પણ વિશેષ તાલીમ આપવામાં આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, અંતર્ગત કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ ખાતે યોજાયેલ આંતર-કોલેજટેકવોન્ડો (મેન) ટુર્નામેન્ટમાં યુનિવર્સિટી હેઠળની વિવિધ કોલેજોએ ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં તીવ્ર સ્પર્ધા સાથે સદર કોલેજના ખેલાડી મિત્રો ઓમ યાદવ (T.Y.B.Com.) અને સમીર ખાને (F.Y.B.Com.) અસાધારણ પ્રદર્શનથી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. આ ખેલાડીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિ તેમના સમર્પણ, સખત મહેનત અને રમત પ્રત્યેના જુસ્સાને દર્શાવે છે. તેમની સફળતા શારીરિક શિક્ષણના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. મયુર પટેલ દ્વારા આપવામાં આવેલ નિષ્ણાત તાલીમ અને માર્ગદર્શનને કારણે શક્ય બની હતી. તેમના સતત માર્ગદર્શન અને વ્યૂહાત્મક અભિગમે તેમના પ્રદર્શનને આકાર આપવામાં અને તેમને વિજય તરફ દોરી જવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આમ સમગ્રયુનિવર્સિટીમાં કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણે, તથા ટ્રસ્ટ સભ્યો સાથે, બંને રમતવીરોનીહૃદયપૂર્વક પ્રશંસા અને અભિનંદન આપી, જીવનમાં સફળ થઈ સમાજ અને દેશનું નામ રોશન કરવા માટે શુભેચ્છા પાઠવી હતી.



વાપી ડેપો ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સદસ્ય જિલ્લા પંચાયત વલસાડ મીતેશભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત પ્રમુખ વાપી મનોજભાઈ તેમજ દેસાઈ એન ડી એન સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક દ્વારા સ્વચ્છતા સપથ તથા સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગ નગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** ઝરોલીની શ્રીમતી ઝવેરબેન હીરજી શાહ સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમ શાળા ખાતે વિવિધ ઉપયોગી વૃક્ષો અને ફળોના ઝાડ રોપવામાં આવ્યા હતા.

લાયન્સ ઈન્ટરનેશનલ પ્રોગ્રામ પર્યાવરણ બચાવો અંતર્ગત તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સૂત્ર એક પેડમા કે નામને અનુલક્ષીને ઉપરોક્ત શાળા સહિત અગાઉ કેબીએસ કોલેજ, જિલ્લા પંચાયત શાળા ઝરોલી, આરતી ઈન્ડસ્ટ્રીઝ વાપી પાસે, કુલ ૧૧૩૧ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. ૧૦૦ કિલો ખાતરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

એક વૃક્ષ એક વર્ષમાં ૨૨ કિલો કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે. એક વૃક્ષનું સરેરાશ આયુષ્ય ૫૦ વર્ષ ગણીએ તો પૃથ્વીમાંથી ૧૧,૦૦,૦૦,૦૦૦ કાર્બન ડાયોક્સાઈડનું શોષણ કરી શકાશે. જે જીવન માટે ચોખ્ખી હવા (ઓક્સિજન) દાન કરવા સમાન છે.

પ્રમુખ લાયન પ્રવિણાબેન શાહ, વૃક્ષારોપણના રિજન કોઓર્ડીનેટર લાયન હેમલતા મારબલી, ડિસ્ટ્રિક્ટ કોઓર્ડીનેટર લાયન શૈલેષ મહેતા ના માર્ગદર્શન અને સહકારથી વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયા.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com


# વાપીના લવાછા પિપરિયા બ્રીજ પાસે રસ્તાની બેહાલીથી વાહન ચાલકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને ગુજરાતના લવાછા ગામ વચ્ચે પીપરીયા ખાડી પાસેના રસ્તો અત્યંત બિસ્માર બનેલ છે.

અહીં વાહનની ગતિ ઝીરો થઈ જાય છે. આ ૨૦૦ મીટરના રસ્તાને સમારવા માટે તંત્ર ઉદાસીન વલણ અપનાવી રહ્યું છે. બે પ્રદેશના સીમાના વિખવાદમાં માર્ગ મકાન જાહેર રસ્તા વિભાગ દ્વારા લોકોને પડી રહેલી હાડમારી સામે પગ પર પગ ધરી બેસી રહી હરપલ કોઈ કાર્યવાહી ના કરી રોજિંદી મુશ્કેલીઓમાં વધારો કરી રહેલ છે.

માત્ર ૨૦૦ મીટરના રસ્તા ને આરસીસી રોડ બનાવવાનું ગુજરાત રાજયના વલસાડ જિલ્લાના પ્રશાસન દ્વારા માંડી વડાયેલું છે. જ્યારે દાદરા નગર હવેલી પ્રશાસન દ્વારા પીપરીયા ખાડીના બ્રિજ થી આગળ રસ્તાનું કામ છોડી દેવાયેલું છે. આમ બે પ્રદેશની સીમા વચ્ચે ૨૦૦ મીટરનો રસ્તો ખાડે ગયો છે. જો બંને પ્રદેશના સમાહર્તા આ બાબતે સંકલન કરી નિર્ણય લેતો આ રસ્તાનું મરમત માટે મોટા ફંડની જરૂર પણ નથી અને ઝાઝા સમયની પણ જરૂર નથી પરંતુ બંને પ્રદેશમાં જવાબદાર તંત્રની નાલાયકીનાં કારણે રોજ રોજ અહીં લોકો જીવના જોખમે રસ્તો પસાર કરવા મજબૂર બનવા પડે છે.

# વટારની દેસાઈ હાઈસ્કુલમાં વિજ્ઞાન- ગણિત પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** એસ.એસ.બી.ડી. દેસાઈ હાઈસ્કુલ, વટારમાં ૧૪/૯/૨૪ના દિને વિજ્ઞાન- ગણિત પ્રદર્શન આયોજન કરવામાં આવ્યું હતું.

આ શૈક્ષણિક પ્રદર્શનમાં મુખ્ય મહેમાન તરીકે શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ડો. નિખિલભાઈ કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ તેમજ શાળાના વિજ્ઞાન ગણિત વિષયના શિક્ષિકા રીટાબેન પટેલ તેમજ અર્પિતાબેન પટેલના હસ્તે વિજ્ઞાન ગણિત પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ દ્વારા ૩૦ જેટલા વિજ્ઞાન ગણિત વિષયના working model ને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. શાળાના ચેરમેન, વાલીમિત્રો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા આ શૈક્ષણિક મોડલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

શાળાના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ દ્વારા આ વિજ્ઞાન પ્રદર્શનમાં સેન્દ્રીય ખાતર, ખાદ્ય સુરક્ષા ગોળી, સરગવો કલ્પવૃક્ષ, જૈવિક ખેતી, બાયો ડિગ્રીડીબલ પોટ્સ, ૨૧મી સદીના વાસણો વગેરે વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.

શાળાના ચેરમેન તથા વાલી મિત્રો દ્વારા આ સમગ્ર પ્રોજેક્ટનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓમાં રહેલી આ વિશિષ્ટ કળાની પ્રશંસા પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ તૈયાર કર્યા હતા. શાળાના આચાર્યશ્રી તથા ટ્રસ્ટી કિશોરભાઈ દેસાઈએ દરેક વિદ્યાર્થીઓનો તેમજ વાલી મીટીંગ માટે પધારેલ ઉપસ્થિત વાલીઓનો આભાર માન્યો હતો.

### નાણામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને

# ગાંધીનગરમાં ફોરેન ડેલીગેટસની ન્યુ રીન્યુઅલ એનર્જી અંતર્ગત બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૮:** ગાંધીનગર રી ઈન્વેસ્ટ ગ્લોબલ સમિટ દરમિયાન ગુજરાત સરકારના આદરણીય ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ અને ફોરેન ડેલીગેટસની ન્યુ રીન્યુઅલ એનર્જી અંતર્ગત અગત્યની બેઠકો થઈ હતી.જેમાં ચીઓનગ ફૂગ કાઉન્સિલ જનરલ ઓફ રિપબ્લિક ઓફ સિંગાપુર ઈન મુંબઈ, વીનિત મિત્તલ ચેરમેન ઓવાડા ગ્રુપ, મરટાડ સારડુલ ડાયરેક્ટર ઓફ ગ્લોબલ એનર્જી કાઉન્સિલ, ગિરીશ તાનન્ટી વાઈસ ચેરમેન ઓફ સુઝલોન એનર્જી, આર.કે ત્યાગી ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેક્ટર પાવર ગ્રીડ, મીખાઈલ કાસ્કો એમ્બેસેડર રિપબ્લિક બેલારસ, એરિક સોલ્હીલ ફોર્મર મિનિસ્ટર કલાઈમેટ એન્ડ એન્વાયરમેન્ટ ઓફ નોર્વે, સુનિત સિન્હા ચેરમેન સીઈઓ રીન્યુ પાવર, પરવીન સિંહ એમ ડી ટાટા પાવર, સાથે ભારત દેશના રીન્યુએબલ એનર્જીના અગ્રણી ઉદ્યોગપતિઓ અને રીન્યુએબલ એનર્જી ક્ષેત્ર સાથે જોડાયેલા અનુભવો આ બેઠકોમાં ઉપસ્થિત રહ્યાં હતા.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 19, September 2024

## કેજરીવાલનો દાવ

અણધાર્યા નિર્ણય લેવા માટે ચર્ચિત દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે એમ કહીને ફરી એક વખત ચોંકાવ્યા કે તેઓ બે દિવસ બાદ મુખ્યંત્રી પદેથી રાજીનામું આપી દેશે. તેમણે જે રીતે એ સ્પષ્ટ નથી કર્યું કે દિલ્હીના આગામી મુખ્યમંત્રી કોણ હશે, એનાથી એ જ સ્પષ્ટ થાય છે કે આગામી બે દિવસ સુધી અટકળબાજીનો દોર ચાલતો રહેશે અને તેનાથી દેશભરમાં કેજરીવાલ અને દિલ્હીની ચર્ચા ચાલતી રહેશે. એ સ્પષ્ટ છે કે કેજરીવાલ એ ચાહતા હશે કે તેઓ ચર્ચાના કેન્દ્રમાં રહે. તેમણે એમ કહેતાં રાજીનામું આપ્યું કે તેઓ આમ જનતા સમક્ષ અગ્નિપરીક્ષા આપવા માગે છે, પરંતુ કોઈપણ એ સમજી શકે છે કે રાજીનામું આપવું તો તેમની મજબૂરી હતી અને એ સિવાય એમની પાસે બીજો કોઈ ચારો ન હતો. રાજીનામાનું પહેલું કારણ તો એ જ દેખાય છે કે શરાબ કૌભાંડમાં સુપ્રીમ કોર્ટે તેમને જામીન તો આપી દીધા, પરંતુ તેમના પર કેટલીય કઠોર શરતો લાદી દીધી. આ શરતોને કારણે મુખ્યમંત્રી રૂપે તેમનું કામ કરવું અસંભવ થઈ ગયું હતું અને સુપ્રીમ કોર્ટે તેમને ન માત્ર મુખ્યમંત્રી કાર્યાલય પર જતાં રોક્યા, બલ્કે ઉપરાજ્યપાલની અનુમતિ વિના કોઈ સરકારી ફાઈલ પર હસ્તાક્ષર કરવાની પણ મનાઈ ફરમાવી. એટલું જ નહીં, સાથે એ શરત પણ લગાવી કે તેઓ શરાબ નીતિ કૌભાંડ પર કશું જ બોલી નહીં શકે! એવામાં કેજરીવાલને લાગ્યું કે તેમની પાસે રાજીનામું આપી દીધા સિવાય બીજો કોઈ ઉપાય નથી રહ્યો, પરંતુ જો તેમને રાજકીય શુચિતા અને નૈતિકતાની પરવા હોત તો તેમણે ત્યારે જ રાજીનામું આપી દેવું જોઈતું હતું જ્યારે શરાબ કૌભાંડમાં તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવાયા હતા. આશ્ચર્યજનક રૂપે ત્યારે તેમણે જેલમાંથી જ સરકાર ચલાવવાની જિદ પકડી હતી. આ દરમ્યાન તેઓ અને તેમના સાથી ભલે એમ કહેતા રહ્યા હોય કે નવી આબકારી નીતિ લાવીને ક્યાંય કોઈ ગરબડ નથી કરવામાં આવી, પરંતુ એ પ્રશ્નનો જવાબ તેઓ નથી આપતા કે જો આ નીતિમાં કોઈ ગરબડ જ ન હતી તો પછી તેને તાબડતોબ પાછી કેમ ખેંચી લેવાઈ? એ ઠીક છે કે આ કૌભાંડમાં અન્ય અનેક લોકો સાથે અરવિંદ કેજરીવાલને પણ જામીન મળી ગયા છે, પરંતુ જામીન ક્લીનચિટનો પર્યાય ન હોઈ શકે. ભલે કેજરીવાલ કહી રહ્યા હોય કે તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે અને તેઓ જનતા પાસેથી ઈમાનદારીનું પ્રમાણપત્ર લીધા બાદ મુખ્યમંત્રી પદ સંભાળશે, પરંતુ શરાબ કૌભાંડનું સાચું-ખોટું તો જનતાએ નહીં, દેશની અદાલતોએ નક્કી કરવાનું છે. કેજરીવાલના રાજીનામું આપવાનું એક કારણ એ પણ દેખાય છે કે તેઓ હરિયાણા અને પછી આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં જનતાની સહાનુભૂતિ મેળવવા માગે છે. તેમણે દિલ્હીની ચૂંટણી લગભગ ત્રણ મહિના પહેલાં નવેમ્બરમાં કરાવવાની માંગ પણ કરી છે. એ તો સમય જ બતાવશે કે તેમને સહાનુભૂતિનો લાભ ઉઠાવવામાં સફળતા મળે છે કે નહીં, પરંતુ એનો ઈનકાર ન કરી શકાય કે તેમણે પોતાના અત્યાર સુધીના રાજકીય જીવનમાં કેટલીય વાર પોતે બોલેલું જ ફેરવી તોળ્યું છે, તેનાથી તેમની એ છબિ નથી રહી જે પહેલાં હતી.

### રામનાથ કોવિંદ રિપોર્ટને મોદી કેબિનેટની મંજૂરી

# વન નેશન, વન ઈલેક્શનને લીલી ઝંડી



**ભારતમાં એક સાથે તમામ ચૂંટણી યોજવાની વાત ઘણા સમયથી થઈ રહી હતી જેથી કરીને ખર્ચ બચે અને આચાર સંહિતાના કારણે વારંવાર અવરોધ પેદા ન થાય**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮: દેશમાં તમામ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે થાય તે માટેનો માર્ગ ખુલી ગયો છે. વન નેશન, વન ઈલેક્શનની દરખાસ્તને કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. ભૂતપૂર્વ પ્રેસિડન્ટ રામ નાથ કોવિંદના અધ્યક્ષપદ હેઠળ પેનલે આપેલો અહેવાલ સ્વીકારી લેવામાં આવ્યો છે. તેના કારણે હવે બધી ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે અને પંચાયતો તથા નગરપાલિકાઓની ચૂંટણી પણ ૧૦૦ દિવસની અંદર કરાવવામાં આવશે. પેનલમાં ગૃહમંત્રી અમીત શાહ અને કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલ તથા સુપ્રીમ કોર્ટના એડવોકેટ હરીશ સાલ્વે પણ સામેલ હતા. પેનલે કહ્યું હતું કે ૨૦૨૯થી ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે તે મામલે સર્વાનુમત સાધવામાં આવ્યો છે. હાલની ઈલેક્ટોરલ સાઈકલને કાયદેસર રીતે ટકાઉ હોય તેમ સુરેખિત કરવા માટે પેનલે હાકલ કરી હતી. ચૂંટણી પછી કોઈને બહુમતી ન મળવાથી હંગ એસેમ્બલી સર્જાય તો શું કરવું, અવિશ્વાસની દરખાસ્ત આવે ત્યારે શું કરવું અને પક્ષપલ્ટો થાય ત્યારે શું કરવું તેના માટેના ઉકેલ પણ હવે સોંપવામાં આવશે.

વન નેશન, વન ઈલેક્શન એ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં સામેલ મુદ્દો છે. ૨૦૧૯ અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વિરોધપક્ષોએ તેની આકરી ટીકા કરી હતી. વિરોધપક્ષોનું કહેવું છે કે તમામ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એકસાથે કરવામાં ઘણા બધા પ્રેક્ટિકલ પ્રશ્નો છે જેનો ઉકેલ જરૂરી છે. તેમણે બંધારણમાં ફેરફાર કરવાના જોખમોનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. બધી જગ્યાએ એક સાથે ચૂંટણી યોજાય તે માટે કેટલીક વિધાનસભાઓની ટર્મ અધવચ્ચેથી ખતમ કરવી પડે તેવી શક્યતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી ટર્મ સંભાળી તેના ૧૦૦ દિવસ પછી વન નેશન, વન ઈલેક્શનની દરખાસ્તને મંજૂર કરવામાં આવી છે જે એક મોટો ફેરફાર છે. તેનાથી ચૂંટણી માટે જે જંગી ખર્ચ કરવો પડે છે તેમાં બચત થશે. તાજેતરમાં ૧૫ ઓગસ્ટે ધ્વજવંદન વખતે મોદીએ કહ્યું હતું કે તેઓ વન નેશન, વન ઈલેક્શનનું વચન પાળવા માટે પ્રતિબદ્ધ છે. વન નેશન, વન ઈલેક્શન પેનેલે જણાવ્યું હતું કે દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવાથી ખર્ચ ઘટશે, સુરક્ષા બંદોબસ્તમાં સરળતા રહેશે, વારંવાર આચારસંહિતા લાગુ કરવી નહીં પડે. ૩૨ પક્ષો, ન્યાયતંત્રના અનુભવી લોકો, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ સહિતના લોકોએ આ પદ્ધતિને ટેકો આપ્યો છે તેમ તેમણે કહ્યું હતું.

કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ નિર્ણયનો વિરોધ વ્યક્ત કર્યો છે. મલ્લિકાર્જુન ખડગેએ વન નેશન-વન ઈલેક્શન પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તે વ્યવહારુ નથી અને તે કામ કરશે નહીં. તેમણે કહ્યું કે વર્તમાન મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પીએમ મોદીએ કહ્યું હતું કે વારંવાર ચૂંટણીઓ દેશની પ્રગતિમાં અવરોધરૂપ બની રહી છે. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' માટે દેશે આગળ આવવું પડશે. નોંધનીય છે કે ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં વન નેશન-વન ઈલેક્શનના મુદ્દાને પણ સ્થાન આપ્યું છે. ભાજપની સાથે એનડીએના ઘણા ઘટક પક્ષો પણ તેના સમર્થનમાં છે. કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ નિર્ણયનો વિરોધ વ્યક્ત કર્યો છે. મલ્લિકાર્જુન ખડગેએ વન નેશન-વન ઈલેક્શન પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તે વ્યવહારુ નથી.

### આક્ષેપ પર ગડકરીએ આપ્યો જવાબ

# ૧૯૦૦ કરોડમાં બનેલા રોડ માટે ૮૦૦૦ કરોડનો ટોલ ટેક્સ કેમ વસૂલ્યો?

**ટોલ ટેક્સ વસૂલતા પહેલાં અને પછી સરકારને અનેક પ્રકારના ખર્ચાઓનો સામનો કરવો પડે છે : ગડકરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

ચંદીગઢ, તા.૧૮: કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ રાજસ્થાનના મનોહરપુર પ્લાઝા પર ખર્ચ કરતાં વધુ ટોલ ટેક્સ વસૂલવા મુદ્દે કેન્દ્ર સરકાર પર મુકવામાં આવેલા આરોપોનો જવાબ આપ્યો છે. મીડિયા સાથે વાતચીત કરતાં કેન્દ્રીય મંત્રીએ કેવી રીતે ૧૯૦૦ કરોડમાં બનેલા રસ્તા પર રૂ. ૮૦૦૦ કરોડનો ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો? દિલ્હી-જયપુર હાઈવે પર ખર્ચ કરતાં વધુ ટોલ ટેક્સ મુદ્દે ઉદાહરણ આપી સમજાવ્યું.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ બાંધકામ ખર્ચ કરતાં વધુ ટોલ ટેક્સ વસૂલવાના પ્રશ્નનું સંપૂર્ણ ગણિત સમજાવ્યું કે, લોકો પાસેથી એક દિવસમાં ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો નથી. ટોલ ટેક્સ વસૂલતા પહેલાં અને પછી સરકારને અનેક પ્રકારના ખર્ચાઓનો સામનો કરવો પડે છે. રસ્તાની જાળવણી પાછળ પણ ખર્ચ થાય છે.

નીતિન ગડકરીએ ઉદાહરણ આપતાં કહ્યું કે ધારો કે કોઈ વ્યક્તિ ૨.૫ લાખ રૂપિયામાં ઘર કે કાર ખરીદે છે. જો તેના માટે તેણે બેંક્રમાંથી ૧૦ વર્ષ માટે લોન લીધી હોય તો કારની કિંમત વધી જાય છે. ગ્રાહકે દર મહિને વ્યાજ ચૂકવવું પડે છે. ઘણી વખત લોકો લોન લઈને જ તમામ કામ કરતાં હોય છે. પરંતુ સાથે જવાબદારી પણ વધે છે અને હપ્તાની ચુકવણી પણ કરવી પડે છે.

બાંધકામ ખર્ચ કરતાં વધુ ટોલ વસૂલવાનો આ મામલો દિલ્હી-જયપુર રોડ (નેશનલ હાઈવે-૮)નો છે. આ હાઈવે પર વધુ ટોલ ટેક્સ લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ હાઈવે વર્ષ ૨૦૦૯માં યુપીએ સરકાર દ્વારા ફાળવવામાં આવ્યો હતો. તે સમયે ૯ બેન્કો તેમાં સામેલ હતી. ગડકરીએ કહ્યું કે બાદમાં મંત્રાલયને આ રસ્તો તૈયાર કરવામાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. નીતિન ગડકરીએ કહ્યું કે કોન્ટ્રાક્ટરો બદલાયા, બેંક્રોએ કેસ દાખલ કર્યો, દિલ્હી હાઈકોર્ટે પણ સ્ટે ઓર્ડર આપ્યો હતો. વધુમાં ક્યારેક ખરાબ હવામાનના કારણે તો ક્યારેક કાયદાકીય અડચણોને કારણે કામ પર ભારે અસર પડી હતી. આ બધા કારણોથી ટોલ ટેક્સ પણ પ્રભાવિત થયો છે.

### ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દુનિયાની મોંઘી ચૂંટણી હતી

# વન નેશન-વન ઈલેક્શન કેમ જરુરી છે તેમજ તેની સામે પડકારો કેટલા છે જાણો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮: શું ભારતમાં તમામ પ્રકારની ચૂંટણીઓ એકસાથે યોજાઈ શકે છે, એટલે કે લોકસભા, વિધાનસભાની ચૂંટણીઓ વગેરે. આ ચર્ચા છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહી છે. ત્યારે હવે આના પર મોદી કેબિનેટની બેઠકમાં વન નેશન-વન ઈલેક્શન પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. તો આજે આપણે વન નેશન વન ઈલેક્શનની સામે કેટલા પડકારો છે તેના વિશે વિગતવાર જાણીએ.

દર વર્ષે દેશમાં અંદાજે ૫ થી ૬ ચૂંટણી હોય છે. ચૂંટણીમાં સરકારને ખુબ ખર્ચ થાય છે. સાથે રાજનીતિક પાર્ટીઓને પણ વધારે ખર્ચો થાય છે. વિવિધ ચૂંટણીઓ અસ્થિરતા અને અનિશ્ચિતતા તરફ દોરી જાય છે. સપ્લાય ચેઈન, રોકાણ અને આર્થિક વિકાસ અવરોધાય છે. સરકારી તંત્રની કામગીરીમાં અવારનવાર વિક્ષેપો સર્જાય છે. સરકારી તંત્રમાં અવરોધને કારણે લોકોની તકલીફ વધે છે. સરકારી અધિકારીઓ અને સુરક્ષા દળો વારંવાર ચૂંટણી ફરજમાં લગાવવામાં આવે છે.

વન નેશન-વન ઈલેક્શન સિસ્ટમ લાગુ કરવામાં સૌથી મોટો પડકાર સંવિધાન અને કાયદામાં ફેરફારનો છે. એક દેશ એક ચૂંટણી માટે બંધારણમાં સુધારો કરવો પડશે. ત્યારબાદ આ તેને રાજ્ય વિધાનસભાઓ પાસે પાસ કરાવવો પડશે. આમ તો લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ૫ વર્ષ સુધીનો હોય છે. પરંતુ તે પહેલા પણ તેને ભંગ કરવામાં આવી શકે છે. ત્યારે સરકારની સામે મોટો પડકાર હોય છે કે, લોકસભા કે કોઈ વિધાનસભા ભંગ થાય તો એક દેશ એક ચૂંટણી (One Nation One Election) કઈ રીતે સફળ થશે.

આપણા દેશમાં ઈવીએમ અને વીવીપેટથી ચૂંટણી યોજાય છે. જેની સંખ્યા મર્યાદિત છે. જો એક સાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીનું આયોજન કરવામાં આવશે તો વધારે મશીનોની જરુર પડશે. જેને પૂર્ણ કરવો પણ એક પડકાર હશે. એક સાથે ચૂંટણી કરવાથી પ્રશાસન અને સુરક્ષા દળોની જરુરિયાતને પૂર્ણ કરવી પણ એક મોટો સવાલ બની સામે આવશે.

એક તો ભારતમાં ચૂંટણી ખુબ મોંઘી બની ગઈ છે. ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દુનિયાની સૌથી મોંઘી ચૂંટણી હતી. એક રિપોર્ટ મુજબ આ ચૂંટણીમાં ૫૫ હજાર કરોડ રુપિયા ખર્ચ થયા હતા. તેથી જ નિષ્ણાતો માને છે કે ચૂંટણીનો વ્યાપક અવકાશ આવરી લેવો જોઈએ. હવે કોવિંદ કમિટીના રિપોર્ટ પરથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે એક દેશ, એક ચૂંટણી લોકશાહીને સરળતાથી આગળ લઈ જવાનું માધ્યમ બની જશે.

# સુરત ઈકોનોમિક રિજીયનના ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનનું આજે લોન્ચીંગ

**કેન્દ્ર સરકાર દ્વારા ગ્રોથ હબ તરીકે સુરત અને તેની આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ જિલ્લાઓને 'ગ્રોથ હબ' તરીકે વિકસાવવાનું આયોજન**

**સુરત,તા.૧૮:** વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' નિર્માણના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નીતિ આયોગના નેતૃત્વમાં ભારતમાં સૌથી ઝડપથી વિકસતા મહત્વના શહેરો અને તેની નજીકના વિસ્તારોને ગ્રોથ હબ્સ તરીકે વિકસાવીને મેગા ઈકોનોમિક ગ્રોથ હબ બનાવવાનું આગવું વિઝન છે. જેમાં એક 'ગ્રોથ હબ' તરીકે સુરત અને તેની આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ જિલ્લાઓને વિકસાવવાનું આયોજન કર્યું છે, જેના ભાગરૂપે સુરત સહિત દક્ષિણ ગુજરાતના આ ૬ જિલ્લાઓના બનેલા 'સુરત ઈકોનોમિક રિજીયન'ના ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનનું આજે તા.૧૯મીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોન્ચીંગ કરવામાં આવશે.

સુરતના ડુમસ રોડની લી મેરેડીયન હોટેલ ખાતે સવારે ૧૦.૦૦ વાગ્યે યોજાનાર લોન્ચિંગના મુખ્ય કાર્યક્રમ બાદ છ સેશનમાં ઈકોનોમિક રિજીયન, અર્બન, હાયર એજ્યુકેશન, -વાસન, સસ્ટેનબિલીટી એન્ડ કલાઈમેન્ટ ચેન્જ, વિકસિત ભારતનું વિઝન, ભારત બાઝાર જેવા વિષયો પર સેમિનારો યોજાશે. જેમાં સંબંધિત ક્ષેત્રના નિષ્ણાંત વકતાઓ, તજજ્ઞો સંબોધન કરશે. જેમાં ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, હીરા-ટેક્ષટાઈલ, ડાઈંગ એન્ડ -િન્ટીંગ, જેમ્સ એન્ડ જ્વેલરી, હેલ્થ, હોટેલ એસો., સહકારી ક્ષેત્ર, સુગર મિલો, એપીએમસી, ફુડ -ોસેસિંગ, એકવા ફાર્મિંગ, ત્ત્ઝ્ઽ ના -મુખો, ક્રેડાઈ, સી.એ., સોલાર એનર્જી જેવા વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલા -તિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે.

નોંધનીય છે કે, સુરતને ગ્રોથ હબ તરીકે વિકસાવવા માટે આગામી ૫૦ વર્ષના વિઝન સાથેના આ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનમાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, રોડ કનેક્ટિવિટી વિવિધ વિકાસલક્ષી માપદંડોનો આધાર લેવામાં આવ્યો છે. પ્લાનમાં ઈકોનોમિક, સ્કીલ ટ્રેનિંગ, ડેરી-ફાર્મિંગ, ઈન્ડસ્ટ્રીયલ, આદિવાસી વિકાસ સહિતના દરેક શહેર-જિલ્લા, ટાઉનની વિશેષતા, ભૌગોલિક પરિસ્થિતિ, ભવિષ્યમાં વિકાસની સંભાવના જેવા અનેક ક્ષેત્રોને પણ આવરી લેવામાં આવ્યા છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલ, નાણા, ઉર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગ, કુટિર, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત, ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી -ફુલભાઈ પાનશેરિયા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, નીતિ આયોગના એડિશનલ સેક્રેટરી અન્ના રોય, મુખ્યમંત્રીશ્રીના -િન્સીપલ એડવાઈઝર ડો.હસમુખ અઢિયા સહિત સાંસદો, ધારાસભ્યો, ઉદ્યોગ અને સહકારી અગ્રણીઓ, પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# સુરતના પીઆઈએ નિર્દોષને મારેલી લાત રૂ. ૩ લાખમાં પડી!

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ,તા.૧૮:** સુરતમા ડીંડોલીમાં એક નિર્દોષ વકીલને પોલીસ ઈન્સ્પેક્ટરે મારેલી લાત અંગે પોલીસે અરજી લેવાનો ઈનકાર કરતા હાઈકોર્ટે પીઆઈને નિર્દોષ વ્યક્તિને ગુના વિના લાત મારવા સામે રૂ. ૩ લાખનો દંડ કર્યો છે. આમ પીઆઈએ મારેલી એક લાત તેને રૂ. ૩ લાખમાં પડી છે. સાથે કોટે એવી પણ ટકોર કરી હતી કે ખોટી રીતે લોકોને એક લા-મારવી કેટલી મોંઘી છે તે પીઆઇ ને આજીવન યાદ રહેવું જોઈએ. ભવિષ્યમાં પણ તેને કોઈ માણસ પર હાથ કે પગ ઉપાડતા લાતનો દંડ યાદ આવશે. પોલીસ ભલે દબાણમાં કામ કરે છે પરંતુ તેનો મતલબ સત્તાનો દુરુપયોગ કરવાની છૂટ નથી.

આ કેસની વિગત એવી છે કેસુરતના ડીંડોલીમાં એડવોકેટ હિરેન ન્યાય કારમાં મિત્રો સાથે બેઠા હતા ત્યારે ડીંડોલી પોલીસ સ્ટેશનના પીઆઇ એજે સોલંકી ત્યાં આવીને કંઈક પણ પૂછ્યા વગર સીધા લાત મારવા લાગ્યા હતા અને એટ્રોસિટી થાય તેવા શબ્દો બોલ્યા હતા. આ ઘટના અંગે પોલીસે પીઆઇ સામે ફરિયાદ નોંધવા ઈન્કાર કર્યો હતો જેથી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ કેસમાં હાઈકોર્ટે પણ ગુના વગર નિર્દોષ વ્યક્તિને લાત મારનાર પીઆઈને ત્રણ લાખનો દંડ ફટકાર્યો હતો.

પીઆઈએ ન્યાયતંત્ર વિશે જાહેરમાં અમુક શબ્દો કહ્યા હોવાની રજૂઆત સામે કોર્ટે ટકોર કરી હતી કે આવા પીઆઇ સામે સરકાર પગલા કેમ લેતી નથી. જસ્ટિસ નિર્ઝર દેસાઇ ચાલુ સુનાવણી દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારી પાસે પીઆઇ સામે શું પગલાં લેશો તે અંગે સૂચના મંગાવી હતી.

ફરિયાદી એડવોકેટે હાઈકોર્ટમાં બનાવની રાત્રિના ઘટના સ્થળના ફુટેજ બતાવ્યા હતા. જે જોઈને હાઈકોર્ટે પીઆઇનો ઉધડો લેતા એવી ટકોર કરી હતી કે તમે હીરો બનીને ફરો છો એટલે શું ગમે તે વ્યક્તિને કોઈ ગુના વગર મારવાના કંઈ પણ પૂછ્યા વગર કોઈને લાગ કેવી રીતે મારી શકાય. જો પોલીસના આવા દમનને અત્યારે રોકવામાં નહીં આવે તો કાલે પોલીસ મને પણ કારણ વગર લાત મારી શકે છે કોઈ સાચો આરોપી હોય તો પણ તેને પૂછ્યા વગર લાત મારી શકાય નહીં.

### ભારતે મ્યાનમારની મદદ કરવા હાથ લંબાવ્યો

# યાગી વાવાઝોડાને કારણે દ.-પ. એશિયાના દેશોમાં ૫૦૦ થી વધુના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

મ્યાનમાર, તા.૧૮: ગત અઠવાડિયે મ્યાનમારમાં આવેલા યાગી નામના વાવાઝોડા એ તબાહી મચાવી છે. વાવાઝોડાના કારણે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલન થયું હતું, જેમાં ઓછામાં ઓછા ૨૨૬ લોકોના મોત થયા છે. જ્યારે ૭૭ લોકો ગુમ થયાના અહેવાલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર સરકારી એજન્સી દ્વારા નોંધાયેલા મૃત્યુની સંખ્યા શુક્રવારે નોંધાયેલા પ્રારંભિક આંકડા કરતાં લગભગ સાત ગણી છે. આથી એવી આશંકા છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. મ્યાનમારના લેટેસ્ટ મૃત્યુઆંક સાથે જ યાગી વાવાઝોડાને કારણે દક્ષિણ-પશ્ચિમ એશિયાના દેશોમાં કુલ મૃત્યુઆંક ૫૦૦ ને વટાવી ગયો છે.

તેમજ પૂરના કારણે છ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. જેના કારણે મ્યાનમારમાં સંદેશાવ્યવહાર ખોરવાયું છે. આથી જાનહાનિની સંખ્યા નક્કી કરવાનું કામ ધીમું થઈ રહ્યું છે. છજીઈછદ્ગ માનવતાવાદી સહાયતા સંકલન કેન્દ્ર અનુસાર, યાગી વાવાઝોડાની અસર વિયેતનામ, ઉત્તરી થાઈલેન્ડ અને લાઓસને થઈ હતી. વિયેતનામમાં લગભગ ૩૦૦, થાઈલેન્ડમાં ૪૨ અને લાઓસમાં ચાર લોકોના મોત થયા છે.

આ દરમિયાન ભારત પૂરથી પ્રભાવિત મ્યાનમારની મદદ માટે આગળ આવ્યું છે. કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે ભારતીય નૌકાદળના જહાજ INS સતપુડા દ્વારા ૧૦ ટન રાશન, કપડાં અને દવાઓ સહિતની સહાય મ્યાનમારને મોકલવામાં આવી છે. ભારતીય વાયુસેનાના ઝ-૧૭ લશ્કરી પરિવહન વિમાને લાઓસ માટે ૧૦ ટન રાહત સામગ્રી એરલિફ્ટ કરી છે, જ્યારે ૩૫ ટન સહાય વિયેતનામ મોકલવામાં આવી છે.

# સોનાનો ભાવ ૭૫ હજારની નજીક પહોંચી ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૮: સોનાના ભાવમાં પાછી ઉથલપાથલ જોવા મળી રહી છે. બજેટ પછી જે ભાવ પછડાયા ત્યારબાદ ફરી ચડ્યા અને હવે વળી પાછો ભાવમાં ઉતાર ચડાવ જોવા મળી રહ્યો છે. તહેવારોની સીઝન દરમિયાન સોનુ અથવા સોનાના આભૂષણ ખરીદવું, ખિસ્સા પર ભારે પડી શકે છે. સોનાની કિંમતોમાં આવનારા દિવસોમાં ભારે ઉછાળો આવવાની સંભાવના છે. એક્સપર્ટનું માનીએ તો સોનાના ભાવ દિવાળી સુધીમાં આસમાને પહોંચી જશે. આજે સોનાનો ભાવ ૭૫ હજારની નજીક પહોંચી ગયો છે. ગઈકાલે સપ્તાહના બીજા દિવસે સોનાના ભાવમાં વધારો આવ્યો હતો. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના દેશમાં ૨૪ કેરેટ સોનાના રેટ ૭૫,૦૦૦ રૂપિયાની નજીક કારોબાર કરી રહ્યા હતો. સોનાનો ભાવ ઘણા સમય બાદ ૭૫,૦૦૦ રૂપિયાના લેવલની નજીક પંહોચ્યાં છે. ચાંદીના ભાવમાં આજે તા.૧૮ સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે સોનાના ભાવમાં તેજી રહી છે. આજે સોનાનો ભાવ ૭૩,૨૫૦ રૂપિયાની નજીક છે જ્યારે ચાંદીનો ભાવ ૮૮,૭૦૦ રૂપિયાની નજીર કારોબાર કરતો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના વાયદા ભાવમાં તેજી. જ્યારે ચાંદીના વાયદા ભાવમાં નરમાશ જોવા મળી રહી છે.

વાયદા બજારમાં ઉલ્ટુ જોવા મળ્યું, જ્યાં સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો. આજે ૧૮ સપ્ટેમ્બરે વાયદા બજાર (MCX) પર સોનું ૧૩૧ રૂપિયા ચડીને ૭૩,૨૨૫ રૂપિયાની આસપાસ જોવા મળ્યું. જે કાલે ૭૩,૦૯૪ રૂપિયા પર ક્લોઝ થયું હતું. જ્યારે ચાંદી ૩૬૩ રૂપિયાની તેજી સાથે ૮૮,૭૭૭ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર જોવા મળી જે કાલે ૮૯,૧૪૦ રૂપિયા પર ક્લોઝ થઈ હતી.

રાજકોટ અને અમદાવાદમાં સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આજે રાજકોટમાં સોનાનો ભાવ ૭૪ હજાર ૮૯૦ રૂપિયા છે. જ્યારે ચાંદીનો ભાવ ૮૮ હજાર ૬૮૦ રૂપિયા નોંધાયો છે. રાજકોટ બાદ અમદાવાદમાં આજે ૭૪ હજાર ૮૯૦ રૂપિયા સોનાનો ભાવ નોંધાયો છે.

# NPK ખાતરો પર ૨૪,૪૭૫ કરોડની સબસિડીને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮: કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે થયેલી કેબિનેટની બેઠકમાં એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે, પીએમ મોદીના નેતૃત્વવાળી એનડીએ સરકારની કેબિનેટમાં ખેડુતોને લાભ આપવાની યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું, "આજે NPK ખાતરો (નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ) માટે રૂ. ૨૪,૪૭૫ કરોડની સબસિડી ફાળવવાની મંજૂરી આપવામાં આવી છે. સમગ્ર વિશ્વમાં પુરવઠા શૃંખલા અને વૈશ્વિક કિંમતોમાં જે અસ્થિરતા ચાલી રહી રહી છે, તેમાંથી ખેડૂતોને કોઈ નુકસાન ન થાય તે માટે સરકારે આ નિર્ણય લીધો છે. ખાસ કરીને મધ્ય પૂર્વ અને યુક્રેનના સંઘર્ષથી પેદા થયેલા પડકારોથી ખેડૂતોને કોઈ અસર ન થાય તે માટે સરકારે મોટા નિર્ણયો લીધા છે." કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, "કેબિનેટે પીએમ અન્નદાતા આવક સુરક્ષા યોજના-PM-ASHA માટે ૩૫,૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તો, પ્રધાનમંત્રી આદિવાસી ઉન્નત ગ્રામ અભિયાન હેઠળ આદિવાસી કલ્યાણ માટે ૭૯,૧૫૬ કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી આપી છે.

# ન તો ઘર, ન જમીન, ન કોઈ ઘરેણાં, છતાં દિલ્હીના નવા સીએમ આતિશી છે કરોડપતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮: દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશી માર્લેના પાસે ન તો પોતાનું ઘર છે કે ન તો તેમના નામે કોઈ જમીન નોંધાયેલી છે. જો કે, ૨૦૨૦ની ચૂંટણીની એફિડેવિટ મુજબ, આ છતાં તેમની પાસે ૧ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે. દિલ્હીના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી છે. મંગળવારે આતિશી માર્લેનાને ધારાસભ્ય દળના નવા નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ પહેલા આજે આમ આદમી પાર્ટીની ધારાસભ્ય દળની બેઠકમાં બે નામો પર ચર્ચા થઈ રહી હતી, જેમાં આતિશી સિવાય કૈલાશ ગેહલોતનું નામ મોખરે હતું, પરંતુ બેઠક દરમિયાન આતિષીનું નામ ફાઈનલ કરવામાં આવ્યું હતું. જો આપણે વિદેશી શિક્ષિત નવી દિલ્હીના સીએમ આતિશીની નેટવર્થ વિશે વાત કરીએ તો તે ૧ કરોડ રૂપિયાથી વધુ છે. અમને જણાવો કે તેમની પાસે શું છે? આતિશી માર્લેનાએ દિલ્હીના કાલકાજી દક્ષિણથી ચૂંટણી જીતી હતી. તેમની સંપત્તિ વિશે વાત કરીએ તો, સ્અર્દ્રીક્ર પર શેર કરાયેલ ચૂંટણી એફિડેવિટ અનુસાર, તેમની પાસે ૧.૪૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે, જ્યારે દિલ્હીના કરોડપતિ મંત્રી હોવા છતાં, તેમની પાસે કોઈ જવાબદારી નથી. ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન તેમણે ચૂંટણી પંચ સમક્ષ સંપત્તિની વિગતો રજૂ કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેની પાસે લગભગ ૩૦,૦૦૦ રૂપિયા રોકડ છે, જ્યારે બેંક ડિપોઝિટ અને એફડી કુલ ૧.૨૨ કરોડ રૂપિયા છે. દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશીની મોટાભાગની સંપત્તિ તેના બેંક ખાતા અને ફિક્સ ડિપોઝિટમાં છે, જ્યારે કરોડપતિ હોવા છતાં તેણે શેરબજાર કે બોન્ડ માર્કેટથી અંતર જાળવી રાખ્યું છે. આતિશીએ શેરમાં કોઈ રોકાણ કર્યું નથી. જોકે તેણે એલઆઈસીનો પ્લાન લીધો છે. તેમના નામે ૫ લાખ રૂપિયાની હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી છે. ૨૦૧૨માં ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ દરમિયાન રાજકારણમાં પ્રવેશનાર આતિશી માર્લેના આમ આદમી પાર્ટીના સ્થાપક સભ્યોમાંથી એક છે. તે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પૂર્વ દિલ્હી બેઠક પરથી પણ ઉમેદવાર હતી, પરંતુ તે ભાજપના ગૌતમ ગંભીર દ્વારા પરાજય પામી હતી.

દમણગંગા ટાઇમ્સ
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

# અન્ય સમાચારો

## દમણમાં પોષણ અભિયાન અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૮ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી, દમણ અને દીવ પ્રશાસન દ્વારા નિયુક્ત સમાજ કલ્યાણ વિભાગના સચિવ ફરમાન બ્રમ્હા અને ડે. સેક્રેટરી મનોજ પાંડેના માર્ગદર્શન હેઠળ સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી, દમણ અને દીવમાં તા. ૦૧થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે તેના અંતર્ગત દમણ જિલ્લામાં પોષણ યુક્ત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં દમણ જિલ્લાની દરેક આંગણવાડી વર્કર બહેનોએ પોષણ યુક્ત તેમજ વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી જે દરેક બાળકો માટે અતિ ઉત્તમ છે. આ વાનગી સ્પર્ધામાં દમણ જિલ્લાના સીડીપીઓ ગાયત્રી આર. જાટ દ્વારા દરેક આંગણવાડી બહેનોને દમણ જિલ્લાને ૧૦૦ ટકા કુપોષિત મુક્ત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર ઉજવણીને તેમજ કાર્યક્રમને સફળ બનાવવા વિભાગના બાલવિકાસ પરીયોજના અધિકારી ગાયત્રી આર. જાટના માર્ગદર્શનથી સુધા ગુપ્તા, પોષણ અભિયાનનાં ખુશબૂ સિંઘ, પ્રતીક પટેલ, શિવાની પટેલ, પ્રિયંકા મોરીયા, અંજલિ હળપતિ અને દમણ જીલ્લાની દરેક આંગણવાડી વર્કર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## વાપી પાલિકા ડુંગરા ઝોન કચેરી ખાતે સૈવા સેતુ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ગુજરાત સરકાર દ્વારા રાજયના વહીવટમાં પારદર્શીતા વધે તેમજ પ્રજાની - વ્યકિતલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે 'સેવા સેતુ કાર્યક્રમ' (દસમો તબક્કો) યોજવાનું નક્કી કરાયું છે. આ કાર્યક્રમમાં તે જ દિવસે અરજદારો દ્વારા રજુ કરાતી અરજીઓ અંગે સરકારના વિવિધ વિભાગો દ્વારા તે જ દિવસે કાર્યવાહીક રવાનો અભિગમ રખાશે. વાપી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ તા.૨૦/૦૯/૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ડુંગરા ઝોન કચેરી, ડુંગરા - વાપી ખાતે યોજાશે. આથી નગરપાલિકા વિસ્તારની જનતાને વ્યકિતલક્ષી વિવિધ સેવાઓ જેવી કે આધારકાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, સિનિયર સિટીઝનનો દાખલો, વિધવા સહાય યોજન વૃધ્ધ સહાય યોજના, બાબતે અરજી રજુ કરવાની તક મળશે.

## ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી ઈન્ડ. એસો.ની ગાંધીનગરમાં બેઠક મળી

### ક્વોરીને લગતા પ્રશ્નોનું૧૫ દિવસમાં નિરાકરણ નહીં આવે તો ક્વોરી ઉદ્યોગ બંધ રાખવાની ચીમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૮ :** ગુજરાત બ્લેકસ્ટોન ક્વોરી ઈન્ડ. એસોસીએશનની ગાંધીનગરમાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લા એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે મીટીંગમાં ઈસીના કારણે ગુજરાતમાં મોટા ભાગની લીઝનાં એટીઆર લોક કરવામાં આવેલ છે તથા અન્ય નાના મોટા કારણો દર્શાવી રોયલ્ટી પેપર આપવાના બંધ કરવામાં આવેલ હોય અને સરકાર દ્વારા લેખિતમાં સમાધાન કરવા તેમ છતાં આજદિન સુધી નિરાકરણ નહીં આવતા આગામી ૧૫ દિવસમાં નિરાકરણ નહીં આવે તો કેવોરી એસોસિએશન દ્વારા આ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરવાનો કરવાના મતે ઠરાવ કરવામાં આવ્યો છે.

આજરોજ પથિક આશ્રમ ગાંધીનગરમાં ગુજરાત બ્લેકસ્ટોન ક્વોરી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએસન પ્રમુખ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાય કારોબારી સભ્યો તથા ગુજરાત ના તમામ જિલ્લા એસોસીએસન પ્રતિનિધિઓની મિટિંગ બપોરે ૧:૦૦ કલાકે મળેલ હતી. તેમાં ઈસીના કારણે ગુજરાતમાં મોટા ભાગની લીઝનાં એટીઆર લોક કરવામાં આવેલ છે. તથા અન્ય નાનામોટા કારણો દર્શાવી રોયલ્ટી પેપર આપવાના બંધ કરવામાં આવેલ છે તથા અગાઉ તા.૧૬-૦૫-૨૨નાં રોજ સરકાર દ્વારા લેખિત સમાધાન કરી આપવામાં આવ્યું હતું પરંતુ તે તમામ મુદ્દાઓ આજ દિન સુધી જેમ છે તેમ જ સ્થિતિમાં છે. આ ઉપરાંત જીપીએસ જેવી નવી સિસ્ટમનો અમલ કરાવવામાં આવી રહ્યો છે. આ બધા પ્રશ્નોનાં નિરાકરણ માટે સરકારમાં ત્રણ મહિના અગાઉ લેખિતમાં જાણ કરવામાં આવેલ હતી પરંતુ આજ દિન સુધી કોઈ જ પ્રકારનું નિરાકરણ આવેલ નથી. છતાં આજરોજ મિટિંગમાં હજુ વધારે ૧૫ દિવસ એટલે કે તા. ૦૨-૧૦-૨૪ સુધીનો સમય આપી નિરાકરણ ન થાય તો દ્વારકા મુકામે ભગવાન દ્વારકાધીશનાં દર્શન કરી ચરણોમાં શીશ નમાવી અચોક્કસ મુદત માટે ક્વોરી ઉદ્યોગ બંધ કરવાની ફરજ પડશે. સમગ્ર મિટિંગમાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

## માલેગાવ ઘાટમાં ટેમ્પો પલટ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૮ :** પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી કોબીજનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો નં. કેએ ૦૨ એએચ ૭૫૯૬ જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટમાર્ગનાં યુ ટર્ન વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં આવેલ સંરક્ષણ દીવાલ સાથે ભટકાઈ પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પો સહિત કોબીજનાં જથ્થાને જંગી નુકશાન થયું હતું. જ્યારે ચાલક અને ક્લીનરને નજીવી ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## વઘઈની હોટલમાં બે ઈસમો વચ્ચે બબાલ થતા કાઉન્ટરના કાચ તુટ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૮ :** ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે આવેલ વિજય હોટલ પર બે યુવકો બુમાબુમ તથા રાડો પાડતા હતાં. ત્યારે હોટલ માલિકે બુમા બુમ તથા રાડો પાડવા માટે ના કહેતા બંને યુવકોએ ત્યાં બબાલ કરી હતી. તેમજ આ યુવકોએ ભેગા મળી કાઉન્ટર પર લગાવેલ કાચ તોડી નાખ્યો હતો. જે બાદ સમગ્ર મામલો વઘઈ પોલીસ મથકે પહોંચ્યો હતો. ડાંગ જિલ્લાનાં વઘઈના નાકા ફળિયા જી. ઇ.બી. ઓફિસની સામે વિજય હોટલ રેસ્ટોરન્ટ આવેલ છે. જે ગણપતિ વિસર્જનનાં રોજ પણ રાબેતા મુજબ ચાલુ હતી. ત્યારે વઘઈ ખાતે રહેતા પીન્ટુ ઉર્ફે સોમનાથ ગાયકવાડ (ઉ. વ.૩૮) અને ઢોલુ દિલીપભાઈ પટેલ (ઉ. વ.૩૯) વિસર્જનના રોજ રાત્રિના દસ વાગ્યાનાં અરસામાં હોટલ પર આવ્યા હતાં અને આ બંને યુવકો જોરથી બૂમાબૂમ કરતા હતા તથા રાડો પાડતા હતાં. જેથી હોટલ માલિક ભરત મિશ્રીલાલ ભાટી એ પીન્ટુ ને કહ્યુ હતું કે, મારી હોટલ પર ગ્રાહકો છે જેથી તમે હોટલ પર બુમબુમ અને દેકારો નહીં કરો. ત્યારે ઢોલુ હોટલ માલિક ભરતભાઈ સાથે ગાળા ગાળી કરવા લાગ્યો હતો તેમજ અપ શબ્દ બોલવા લાગ્યો હતો. તેમજ પીન્ટુ એ ઢોલુને કહ્યું હતું કે, આ હોટલનો કાઉન્ટર ઉપર લાગેલ કાચ તોડી નાખ. એમ કહેતા ઢોલુ એ કાઉન્ટરનો કાચ તોડી નાખ્યો હતો અને નુકસાન પહોંચાડ્યું હતુ. જે બાદ હોટલ માલિક ભરતભાઈએ પીન્ટુને કહ્યું હતું કે, તમારી અમારી સાથે શું બબાલ હતી કે તમે અમારી હોટલનો કાઉન્ટરનો કાચ તોડી નાખ્યો ? જોકે આ યુવકો અપશબ્દો અને ગંદી ગાળો બોલતા હતા અને ત્યારબાદ તેઓ પોતાની એક્સેસ મોપેડ પર સવાર થઈને ત્યાંથી જતા રહ્યા હતાં. અહીં હોટલનો કાચ તોડી નાખવામાં આવતા હોટલ માલિક ભરતકુમાર ભાટીએ વઘઈ પોલીસ મથકે બંને યુવકો વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી. હાલમાં વઘઈ પોલીસે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

<u>મોદીનાં જન્મ દિવસ નિમિત્તે</u>

## ધરમપુર એપીએમસી માર્કેટ ખાતે રકતદાન યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મ દિવસ નિમિત્તે આજરોજ એપીએમસીના પ્રમુખ જયેશભાઈ પટેલ, ઉપ પ્રમુખ જીવા આહીર તથા ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની ઉસ્થિતિમાં રકદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં યુવાનોએ ઉત્સાહ સાથે રક્તદાન કર્યુ હતું અને મોડી સાજં સુધી ૩૬ જેટલી બોટલો રક્તદાનની થવાં પામી હતી. આ પ્રસંગે વલસાડ જીલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જીવા આહીર, નિસાર શેખ, તરુણ પટેલ સહિત ભાજપનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## પારડી હાઈવે પરથી દારૂ ભરેલ કાર ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૮ :** પારડીમાં નેશનલ હાઈવે નંબર ૪૮ ચંદ્રપુર આઈટીઆઈ બ્રિજ ઉપર વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતાં. વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલ બાતમીના આધારે પારડી હાઈવે પર વોચ ગોઠવી હતી તે દરમિયાન કાર નં.જીજે ૧૫ સીકે ૦૫૮૭ આવતા પોલીસે રોકવાનો પ્રયાસ કરતા બુટલેગરે કાર હંકારી મૂકી હતી અને ચંદ્રપુર હાઈવેથી રોંગ સાઈડએ આઈટીઆઈ પાસે સર્વિસ રોડ ઉપર કાર મૂકી બે બુટલેગર ઉતરીને ભાગ્યા હતાં જેનો પોલીસે પીછો કરી બંનેને ઝડપી પાડ્યા હતાં. જેમાં કારચાલક કમલેશ ઉર્ફે કમલો બાબુભાઈ હળપતિ રહે મોતીવાડા તા. પારડી અને જીતેશ રમેશભાઈ હળપતિ રહે દુનેઠા દમણ બંનેને ઝડપી પાડ્યા હતાં અને કારમાંથી દારૂની બોટલ નંગ ૧૧૦૪ જેની કિંમત ૬૨૪૦૦નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આ દારૂના જથ્થા અંગે પૂછપરછ કરતા દમણથી સાનુકુમાર તેજ બહાદુર સરોજ રહે નાની દમણ દુનેઠાએ દારૂ ભરેલ કાર આપી સંદીપ પોપડો જેના પુરા નામની ખબર નથીને આપવાનો હોવાનો કબૂલ્યું હતું. જેથી પોલીસે બંનેને વોન્ટેડ બતાવ્યા હતાં અને દારૂનો જથ્થો, કાર, મોબાઈલ સહિત કુલ ૫.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરી પારડી પોલીસ મથકે પ્રોહીબીસન એક્ટ હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનપાડામાં અન્ય જમીન પચાવી પાડવા બોગસ દસ્તાવેજ બનાવતા ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૮ :** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં જામનપાડા ગામ ખાતે રહેતા એક યુવકે પોતાના જ ગામના એક આધેડની જમીન મિલકત પચાવી પાડવાના બદઈરાદાથી તે યુવક પોતે આધેડનો પુત્ર હોય તેવા દસ્તાવેજી બોગસ પુરાવા બનાવી દીધા હતાં. ત્યારે અહીં યુવકે આધાર કાર્ડ, મતદાન કાર્ડ બદલાવી લેતા સમગ્ર મામલો વઘઈ પોલીસ મથકે પહોંચ્યો હતો. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના જામનપાડા ગામ ખાતે રહેતો અજીત સોનેભાઈ કોંકણીએ પોતાના જ ગામમાં રહેતા અનાભાઈ ચોર્યાની માલિકીની ખેતીની જમીનમાં અન્યની મદદગારીથી અનાભાઈની જમીન તથા અન્ય મિલકતો પચાવી પાડવા માટે અજીત કોકણીએ અના ચોર્યાનો સગો દીકરો (વારસદાર) તરીકે ઉભો કરી ખોટી વિગતો દર્શાવી સોગંદનામુ તૈયાર કરી દેવામાં આવ્યુ હતુ. તેમજ અજીત કોકણીએ પોતાને અજીત અનાભાઈ ચોર્યા તરીકે દર્શાવી ખોટું સોગંદનામુ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. તેમજ પોતાના શાળા છોડ્યાના પ્રમાણપત્ર, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ સહિતના દસ્તાવેજોમાં અજીત સોનેભાઈ કોકણીના નામ પરથી અજીત અનાભાઈ ચોર્યા કરી દઈ બોગસ દસ્તાવેજ બનાવ્યા હતાં. ત્યારે આ અંગેની જાણ અનાભાઈ ચોર્યાને થતા તેમણે તાત્કાલિક ધોરણે વઘઈ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. ત્યારે વઘઈ પોલીસે આ અંગેનો ગુન્હો નોંધ્યો હતો અને પીએસઆઇ એમ.એસ. રાજપૂતે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

## પારડીમાં સ્વચ્છતા અંતર્ગત રેલી યોજાઈ




**પારડી, તા.૧૮ :** પારડી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન હેઠળ સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલી કુમારશાળા નં. ૧ અને કન્યાશાળા નં. ૧ના પટાંગણથી નીકળી સર્વિસ રોડથી ચાર રસ્તા થઈ ડીસીઓ સ્કૂલના પટાંગણમાં પૂર્ણ કરવામાં આવી અને રેલીમાં ભાગ લેનાર તમામ પાસે સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતાં. તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલના પટાંગણમાં સાફ સફાઈ કરવામાં આવી. આ રેલીમાં પારડી નગરપાલિકા ચીફ ઓફિસર બી.બી. ભાવસાર તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, કુમારશાળા નં. ૧ અને કન્યાશાળા નં. ૧ના શિક્ષકો, વિદ્યાર્થીઓ, નગરપાલિકા કર્મચારીગણ વિગેરે હાજર રહી રેલીમાં જોડાયા હતાં.

(પેજ નં.૮નું ચાલુ...)

**સાપુતારામાં ..........**

ન્યુ શોપિંગ સેન્ટરમાં આવેલ દુકાનમાંથી બે દિવસ પૂર્વે રોકડ રકમની ચોરી થઈ હતી. જે ગુનોને પોલીસની ટીમે ડિટેકટ કરતા તસ્કરો જવાહર નવોદય વિદ્યાલય સાપુતારાનાં બે સગીર વયનાં વિદ્યાર્થીઓ નીકળ્યા છે. હાલમાં આ પકડાયેલ સગીરો પાસે રોકડ રકમની રિકવરી કરી લેવામાં આવી છે અને બન્ને સગીરોને નોટિસ આપી મુક્ત કરવામાં આવ્યા છે.

(પેજ નં.૮નું ચાલુ...)

**દમણમાં વાત્સલ્ય યોજના..........**

બાળકના જન્મદિવસ અથવા અન્ય પ્રસંગો પર ભેટ તરીકે તે યોજનામાં ભાગીદારી શરૂ કરી શકે છે.

નગરપાલિકાના અધ્યક્ષ અસ્પી દમણિયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે બાળકોના ભવિષ્યને આર્થિક રીતે સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે બજેટ-૨૦૨૪ દરમિયાન આ યોજનાની જાહેરાત કરી હતી અને આજે તેને લોન્ચ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, પ્રથમ બજેટમાં બાળકો માટે એક વિશેષ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી જે આજથી શરૂ કરવામાં આવી છે. આ યોજનાનું સંચાલન પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા કરવામાં આવશે અને પુખ્તવયના લોકો રોકાણ કરીને લાભ મેળવી શકે છે. આ સરકારી યોજના જો આવું થાય તો બાળક માટે મોટું ભંડોળ એકત્ર થઈ શકે છે. નગરપાલિકાના ઉપાધ્યક્ષ ચંડોક જસવિંદરે જણાવ્યું હતું કે બાળકોએ હવે આ રીતે તેમની બચત જમા કરાવવી જોઈએ. જ્યારે તમે મોટા થશો ત્યારે આ પૈસા કામમાં આવશે અને પેન્શન પણ શરૂ થશે. સરકારી યોજનાઓ અને અન્ય વિષયો પર બાળકો સાથે ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. સ્વચ્છતા અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતાં. જે બાળકોએ તેમના ખાતા શરૂ કર્યા છે તેમને પ્રાણ નંબરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(પેજ નં.૧નું ચાલુ...)

**ધમડાચીમાં સરકારી.........**

ઘરવેરો તેઓના નામે કરી દેવામાં આવ્યું હતું. તો વાત અહીંથી અટકી નથી. પનીરની ફેક્ટરીમાં આવાસની આકારણી ઉપર મીટર પણ લઈ લીધું હતું. સરકાર દ્વારા હાલમાં જ ગ્રામ પંચાયત હસ્તક આવેલી ગામતળ ગૌચર કે અન્ય સરકારી જમીનમાં દબાણ કરનારાઓને નોટિસ ફટકારે દબાણો દૂર કરવાની કડક સૂચના આપતા ધમડાચી ગામની મહિલા સરપંચ એ.એન. પટેલે આવાસના નામે પનીરની ફેક્ટરી શરૂ કરનાર રાહુલ સિંહ યાદવને નોટિસ ફટકારી સાત દિવસમાં બાંધકામ દૂર કરવા જણાવ્યું છે. જોકે આ સરકારી આવાસમાં પાકુ બાંધકામ સાથે પનીરની ફેક્ટરી શરૂ કરનારા રાહુલ સિંહ યાદવ સામે વલસાડ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ આવી નાની નાની ખોલીઓમાં ચાલતી રહેશે. તો બીજી તરફ આ અંગે વલસાડ તાલુકા વિકાસ અધિકારી સરકારી આવાસના બદલે ગેરકાયદેસર પાકું બાંધકામ કરનારા સામે કડક કાર્યવાહી કરે એવી માંગણી છે. તો બીજી તરફ હાઈવે પર આવેલ શાંતિનગરની બાજુમાં ઠાકોરભાઈ ભરતભાઈ પટેલે પણ ગેરકાયદેસર બાંધકામ કરવાના મામલે તેમને પણ નોટિસ ફટકારી બાંધકામ દૂર કરવા માટે જણાવ્યું છે. સરકાર દ્વારા સૂચના મળતા ધમડાચી ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી દ્વારા ગામની સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ કરનારાઓએ નોટિસ આપી જગ્યા ખુલ્લી કરવા માટે સૂચના આપતા ધમડાચી ગામે આવેલી સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે દબાણ કરનારાઓને ખુલ્લુ કરવા માટે નોટિસ ફટકારી હોવાનું જાણવા મળ્યું છે.

torrent POWER DNHDD

<u>વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ</u>

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડે નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૧૦:૦૦ થી બપોરના ૦૧:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૦/૦૯/૨૦૨૪ શુક્રવાર | દાદરા | ૨૦ એમવીએ ટીઆર-૨ | દાદરા કેનાલ રોડ, સુરત ગલી, દોશી આઈઈ વિસ્તાર, અંકુર આઈઈ વિસ્તાર, **એક્સપ્રેસ-** રેપીઅર, સંદિપ ટેક્સચુરાઈજર્સ, આકાર એક્સપ્રેસ, ઈગલ રંગોલી, ૬૬કેવી ઓ/જી ફીલાટેક્ષ (આઈ) લી. |
| ૨૦/૦૯/૨૦૨૪ શુક્રવાર | દાદરા | ૬૬કેવી ઓ/જી ફીલાટેક્ષ (આઈ) લી. | ફીલાટેક્ષ (આઈ) લી. |
| ૨૦/૦૯/૨૦૨૪ શુક્રવાર | વાઘધરા | ૧૫ એમવીએ, ટીઆર-૧, ૨૦ એમવીએ ટીઆર-૨, ૨૦એમવીએ ટીઆર-૩ | વાઘધરા ગામ, સ્ટર્લાઈટ ગલી, તીઘરા ગામ, બાવીસા ફળીયા, દાદરા ગાર્ડન મેઈન રોડ, શ્રીનાથ ઈન્ડ. એસ્ટેટ, સ્પાન ઈન્ડ. એસ્ટેટ, ઝીરો ટેક્ષ વિસ્તાર, ચેક પોસ્ટ વિસ્તાર, પાર્થ ઈન્ડ. એસ્ટેટ વિસ્તાર, **એક્સપ્રેસ-**પ્રિન્સ-પાઈપ્સ-૧ અને ૨, વિનસ ગમ, એસઆરવી, એમસીપીપી ઈન્ડિયા, નોવા ઈન્ડ. પાર્ક-૧, સ્ટર્લાઈટ ટેકનોલોજી, નોવા ઈન્ડ. પાર્ક-૨, પાર્થ ઈન્ફ્રા., ઈન્ફી લૂમ ટેક્ષટાઈલ્સ, વૈભવ લક્ષ્મી, સેજલ ગ્લાસ |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

દરેક બ્રાન્ડેડ કંપનીના
શુટીંગ, શર્ટીંગ તથા
લેટેસ્ટ ડીઝાઈનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા
સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S
MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી
ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી
ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી
ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પરમાર શુ કલેકશન
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી

લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA VKC pride sparx RELAXO
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Thursday 19, September 2024

# દમણગંગા ટાઈમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050



## વલસાડમાં પાર્વતી માતા રડ્યાં !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮:** વલસાડ ન્યુ શાકભાજી માર્કેટ મિત્ર મંડળ દ્વારા ગણેશજીની અને શિવ પરિવાર સાથે નીકળેલી વિસર્જન યાત્રા વલસાડની ઔરંગા નદી કિનારે પહોંચી વિસર્જન માટે લઈ જવાય તે પહેલા માતા પાર્વતીની આંખમાંથી આંસુ સરી પડતા ભક્તોની જોવા માટે પડા પડી થઈ હતી.

વલસાડ ન્યુ શાકભાજી માર્કેટ મિત્ર મંડળ દ્વારા ગણપતિ બાપાની મૂર્તિની સાથે શિવ પરિવારની સ્થાપના કરવામાં આવી હતી. માજી નગરપાલિકા પ્રમુખ અને મંડળના આયોજક રાજુભાઈ મરચાએ ગણપતિ નિમિત્તો મંડપમાં શિવ કથાનું આયોજન કર્યું જે કથાનું રસપાન જાણીતા કથાકાર મિતેશભાઇ જોશીએ કરાવ્યું હતું. અનંત ચૌદસના દિવસે ગણપતિ બાપાની મૂર્તિની સાથે શિવ પરિવારની મૂર્તિ વલસાડની ઔરંગા નદી કિનારે પહોંચી અને વિસર્જનની તૈયારી ચાલી રહી હતી. તે દરમિયાન માતા પાર્વતીના આંખમાંથી આંસુ શરીર પડતા ભક્તો જોવા માટે પડા પડી કરી હતી. ગણેશ વિસર્જનમાં માતા પાર્વતીની આંખમાંથી આંસુ પડવાની ઘટના બનતા લોકોએ માતાજીનો ચમત્કાર થયો હોવાનું જણાવ્યું હતું.

## વલસાડની સિવિલ હોસ્પિ.માં કૂતરાં રખડી રહ્યાં છે !?

### દર્દીઓ અને તેમના સગા-સબંધીઓમાં ચિંતા : હોસ્પિટલનાં સ્ટાફને કશી પડી નથી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડની સિવિલ હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડના અભાવને લઈ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડ પાસે તેમજ ગેલેરીમાં રખડતા શ્વાનો જોવા મળી રહ્યા છે. આ રખડતા શ્વાનો હોસ્પિટલમાં આંટાફેરા મારતા સારવાર લઈ રહેલા દર્દી અને તેના સ્વજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. હોસ્પિટલમાં રખડતા શ્વાનના કારણે એજન્સીને નોટિસ ફટકારી છે.



વલસાડની સિવિલ હોસ્પિટલમાં સેલવાસ, દમણ, ચીખલી, આહવા, ડાંગ કે સંઘ પ્રદેશ તેમજ મહારાષ્ટ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો વલસાડની સિવિલ હોસ્પિટલમાં અવાર-નવાર રખડતા શ્વાન જોવા મળતા હોય છે. જોકે આ રખડતા સ્વાનો હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડના અભાવના કારણે હોસ્પિટલમાં આવતા જોવા મળી રહ્યા છે. હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડ તેમજ ગેલેરી અને હોસ્પિટલ કમ્પાઉન્ડમાં રખડતા શ્વાનના કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને સ્વજનો સાથે રહેતા હોય છે અને આ સ્વજનો હોસ્પિટલની ગેલેરીમાં નીચે કે બાકડા, ખુરશી ઉપર ઊંઘી જતા હોય છે. જોકે આ રખડતા શ્વાન અચાનક આવી ચડતા હોય છે જેથી દર્દી અને તેના સ્વજનો ડરી જતા હોય છે. સિવિલ હોસ્પિટલમાં સ્વાન આવી જવાના મામલે હોસ્પિટલ દ્વારા આ ઘટનાને ગંભીરતા લઈ સિક્યુરિટી એજન્સીને નોટિસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.



### ચીખલીમાં વિસર્જીત મૂર્તિ રઝળી

ચીખલીમાં ગણેશ ભક્તોએ દસ દિવસ સુધી ગણપતિ બાપાની પૂજા અર્ચના કરી કાવેરી નદીના કિનારે ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવ્યું હતું પરંતુ ગણપતિ બાપાની મૂર્તિનું યોગ્ય રીતે વિસર્જન ન કરાતા રઝળતી હાલતમાં નદીના કિનારા ઉપર જોવા મળી રહી છે જે તસવીરમાં જોઈ શકાય છે.

## વિરવલ ફાટક પાસે ગૌરક્ષકોએ ગૌવંશ ઉગાર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર તાલુકાના વિરવલ ફાટક પાસેથી પસાર થઈ રહેલ પીકઅપ ટેમ્પાને શંકાના આધારે વિરવલ ગામના ગૌરક્ષક વૈભવ પટેલે થોભાવી ચેક કરતા પાસ પરમિટ વગરના પાલતુ પશુ મળી આવતા પોલીસ મથકે જાણ કરી હતી.

ધરમપુર પોલીસ મથકેથી મળેલ માહિતી અનુસાર વિરવલ ગામના ગૌરક્ષક વૈભવ રાજેશ પટેલ ઉમર ૨૫ના વિરવલ ફાટક



પાસે ઉભા હતા તે સમયે પસાર થઈ રહેલ મહિન્દ્રા બોલેરો પીકપ નંબર એમએચ-૧૫-ઈજી-૭૫૦૬ના પાછળના ભાગે કાળા કલરની તાડપત્રી બાંધેલ હતી જે પશુઓ ભરેલ હોવાનું જણાઇ આવતા પિકઅપ ચાલકને ટેમ્પો ઉભો રાખવા ઈશારો કરતા પીકઅપ ચાલાકે આગળ લઇ જઇ પિકઅપ ટેમ્પો ઊભો રાખી ભાગી છુટ્યો હતો. પીકઅપને ચેક કરતા બે ગાયો એક વાછરડુંને બાંધેલ હાલતમાં જણાય આવતા ત્વરિત પણે વૈભવ પટેલે પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસ ઘટના સ્થળે આવી ચેક કરતા બે ગાય અને એક વાછરડું મળી કુલ ૧૦,૫૦૦ તેમજ પીકપ ટેમ્પાની કિંમત બે લાખના મુદ્દા માલ સાથે કબજે લઈ આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

## દમણમાં વાત્સલ્ય યોજનાના પ્રારંભે કેન્દ્રીય નાણાંમંત્રી વર્ચ્યુઅલ જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૮ :** નાણામંત્રી નિર્મલા સીતારમણે NPS વાત્સલ્ય યોજના શરૂ કરી. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાણામંત્રી નિર્મલા સીતારમણ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. દમણમાં આયોજિત કાર્યક્રમમાં મ્યુનિસિપલ ચેરમેન અસ્પી દમણિયા, બેન્ક ઓફ બરોડાના રિજનલ મેનેજર શૈલેન્દ્રસિંહ, પાલિકાના વાઈસ ચેરમેન ચંડોક જસવિંદર કૌર, નોડલ ઓફિસર મનોજ સિંહા, નાબાર્ડના નરસિંહ અને બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં રિજનલ મેનેજર શૈલેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે હવે બાળકોના પેન્શનની પણ ખાતરી થશે અને તેમને NPS વાત્સલ્ય યોજનાનો લાભ મળશે. તેમણે કહ્યું કે ૧૮ વર્ષ સુધીના બાળકો આ યોજનામાં જોડાઈ શકે છે, વાર્ષિક ઓછામાં ઓછા એક હજાર રૂપિયા જમા કરાવી શકે છે અને NPS વાત્સલ્યમાં જીવન ઉભી કરી શકે છે. ત્રણ વર્ષ પછી, ઉચ્ચ શિક્ષણ અથવા અન્ય જરૂરિયાતો માટે ૨૫ ટકા રકમ ત્રણ વખત ઉપાડી શકાય છે. જો તમે એક વર્ષમાં ૧૦ હજાર રૂપિયા જમા કરો છો, તો તમને ૧૮ વર્ષમાં ૫ લાખ રૂપિયાની રકમ મળશે. ૧૮ વર્ષના થયા પછી, તે સીધા જ NPSમાં જોડાઈ જશે અને નવી NPS શરૂ કરવાની કોઈ જરૂર રહેશે નહીં. તેમણે કહ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું તેમ,

(અનુ. પેજ નં.૭ પર)

## વાપીમાં યુવાને ગળે ફાંસો ખાતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૮ :** વાપી હાઈવે સર્વિસ રોડ ઉપર આવેલ મહેન્દ્ર કંપનીના શોરૂમમાં કામ કરતા ૨૯ વર્ષના હાર્દિક પટેલ નામના યુવાને અગમ્ય કારણસર સ્ટાફ રૂમમાં જ ગળે ફાંસો કરી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામ્યો છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપીથી વલસાડ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ હાઈવે સર્વિસ રોડના બાજુમાં આવેલ મહેન્દ્ર કંપનીના શોરૂમની ઉપર સ્ટાફ રૂમમાં રહેતા હાર્દિકભાઈ મહાવીરભાઈ પટેલ ઉંમર વર્ષ ૨૯ મૂળ રહે ભરૂચનાઓ આજે કોઈ અગમ્ય કારણસર કંપની દ્વારા તેમને આપવામાં આવેલ સ્ટાફ ક્વોટર્સના રૂમમાં ગળે ફાંસો કરી આત્મહત્યા કરી લેતા તાત્કાલિક કંપનીના કર્મચારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. આ અંગે વાપી ટાઉન પોલીસ મથકમાં અનમોલ જનાર્દન નામના ઈસમ દ્વારા જાણ કરતા પોલીસે હાલમાં આકસ્મિક મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## બીલીમોરામાં કોંગ્રેસે બિસ્માર રસ્તા સહિતના પ્રશ્ને આવેદનપત્ર સોંપ્યું: આંદોલનની ચીમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૮:** બીલીમોરા શહેર કોંગ્રેસમાં સ્થાનિક લોક સ્વરાજની ચૂંટણી અગાઉ સળવળાટ જોવાયો હતો. બીલીમોરા ચીફ ઓફીસરને બુધવારે ખખડધજ માર્ગોને દુરસ્ત કરવા, બંધિયાર પાણી નિકાલ કરવા આવેદનપત્ર પાઠવી માંગ કરી હતી. નહીંતર અસહકાર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.



બીલીમોરામાં ભારે વરસાદને પગલે અનેક જાહેર માર્ગો, ગલી માર્ગો ખખડધજ હાલતમાં છે. જેને પગલે લોકો અને રાહદારીઓ હાલાકી ભોગવી રહ્યા છે. અંબિકા નદી, કાવેરી નદીમાં ચારથી પાંચ વાર પુરની સ્થિતિ બાદ બંધિયાર પાણીની સમસ્યા સર્જાઈ હતી. જેમાં મચ્છર પનપવા સાથે ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગોનો ખતરો મંડરાઈ રહ્યો છે. પ્રજાને વેઠવી પડતી હાલાકી સત્વરે દૂર કરવા માંગ કરી હતી. નહીંતર જલદ પગલાં અને અસહકાર આંદોલન છેડવાની ચીમકી આપી હતી. બીલીમોરા શહેર કોંગ્રેસ પ્રમુખ રાહુલ ઈટવાલા સહિત અગ્રણીઓ અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છેકે બીલીમોરા નગરપાલિકામાં હાલ વહીવટદારનું શાસન છે. આગામી દિવાળી પર્વે સ્થાનિક સ્વરાજ ચૂંટણીનાં ગણિત મંડાય રહ્યાં છે. તે અગાઉ કોંગ્રેસમાં સળવળાટ આવતા આગામી ચૂંટણી રસપ્રદ બનવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

## અતુલ ફાઉન્ડેશને સ્વચ્છતા ઝુંબેશ માટે ૯૦ ગામો સાથે કરાર કર્યા



### ડોર ટુ ડોર કચરો કલેક્શન કરી જૈવિક અને અજૈવિક કચરો છૂટો પાડી તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાશે

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લામાં તા.૧૪મી સપ્ટેમ્બર થી શરૂ થયેલું સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન આગામી તા. ૨જી ઓક્ટોબર -૨૦૨૪ સુધી ચાલનાર છે. જેની થીમ ‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’ છે. જેનો ઉદેશ્ય વલસાડ જિલ્લાને સ્વચ્છ બનાવવાનો છે. જે અંતર્ગત તાં ૧૭/૦૯/૨૦૨૪ ના રોજ વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે વલસાડ જિલ્લાના કુલ-૯૦ ગામોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે અતુલ ફાઉન્ડેશન અને વલસાડ જિલ્લાના ૫ તાલુકાઓમાં ધરમપુરના ૩૭, કપરાડાના ૨૫, પારડીના ૫, ઉમરગામના ૪ અને વલસાડના ૧૯ મળી કુલ ૯૦ ગામોમાં સ્વચ્છ ભારત મિશન-(ગ્રા) યોજનાનો -ચાર--સાર, ડોર ટુ ડોર કલેક્શન કરી જૈવિક અને અજૈવિક કચરો સેગ્રીગેટ કરી છૂટો પાડવો અને તે કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવાની કામગીરી કરવા માટે અતુલ ફાઉન્ડેશન સાથે ૯૦ કરવામાં આવ્યા છે. આ ૯૦ થી વલસાડ જિલ્લાના ગામોમાં ટકાઉ ઘન કચરા વ્યવસ્થાપનની વેલ્યૂ ચેઈનનું નિર્માણ કરવામાં આવશે.

## વાપીનાં બિમાર શ્રમજીવીનું વલસાડ સિવિલમાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૮:** વાપી ભડકમોરાની શાકભાજી માર્કેટમાં મજૂરી કામ કરનાર મજુરની તબિયત બગડતા સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તારીખ ૧૬-૯-૨૦૨૪ ના રોજ વાપી ભડક મોરા ખાતે આવેલ શાકભાજી માર્કેટમાં કામ કરતા જીતેન્દ્ર સુભેદી નામના ૪૦ વર્ષનાને કોઈ બીમારી થતા તેઓ જમીન પર ધડી પડ્યા હતા જેથી તેને તાત્કાલિક ૧૦૮ દ્વારા વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જે જીતેન્દ્ર સુભેદીનું આજે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું જે અંગે ડોક્ટર જાનવી દ્વારા વાપી ટાઉન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે હાલમાં અકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભોમા પારડી પાસે અંજલાવના યુવાનને છએ ફટકાર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૮:** અંજલાલ ગામના યુવાને અગાઉ ફોન ઉપર કરેલી ગાળા ગાળની અદાવત રાખી ગઈકાલે રાત્રે ગામના ૨ જેટલા ઈસમો સહિત છ જેટલા ઈકો કારમાં આવેલા ઈસમોએ વલસાડના ભોમા પારડી ગામ પાસે યુવાનની બાઈક અટકાવી લોખંડના સળિયાથી માર મારી હુમલાખોરો ભાગી ગયા હતા અને ઈજા પામેલા યુવાનોને ૧૦૮માં વલસાડની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાતા મામલો વલસાડ રૂરલ પોલીસ મથકમાં ગયો છે.

વલસાડ તાલુકાના અંજલાવ ગામના દાદરી ફળિયામાં પ્રતીક સુભાષભાઈ પટેલ ઉં. વ. ૩૦ તેની પત્ની અને પરિવારના સભ્યો સાથે રહે છે. ગઈકાલે રાત્રે પ્રતિક પટેલ પોતાની બાઇક લઇ વલસાડથી અંજલાવ તરફ જઈ રહ્યો હતો જે દરમિયાન અંજલાવ દાદરી ફળિયામાં રહેતો નિર્મલ રાજેશ પટેલ, ટોની બોબી પટેલ તથા અન્ય અજાણ્યા ઈસમો મોઢું બાંધી ઈકો કારમાં આવી પારડી ગામ પાસે આવી પહોંચી બાઈક ચાલક પ્રતીકને કારમાંથી લોખંડના સળિયા વડે કમરના ભાગે માર માર્યો હતો. જોકે સ્થાનિક અને રાહદારીઓ ઘટના સ્થળે દોડી જતા કારમાં આવેલા નિર્મલ પટેલ અને ટોની બોબી પટેલ તેમજ અન્ય છ જેટલા ઈસમો ભાગી છુટ્યા હતા. સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ઈજાગ્રસ્ત પ્રતિક પટેલને વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધ આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## કપરાડા તાલુકામાં દુષ્કર્મના આરોપીના જામીન ફગાવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૮:** સોનગઢના યુવાને પોતે કુવારો હોવાનું જણાવી કપરાડા તાલુકાના એક ગામમાં રહેતી મહિલા સાથે છ મહિના સુધી શારીરિક સંબંધ બાંધ્યા બાદ તરછોડી દેતા નાનાપોંઢા પોલીસ મથકમાં સોનગઢના યુવાન વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ બાદ આરોપીની ધરપકડ બાદ તેમણે રેગ્યુલર જામીન અરજી કરતા ધરમપુરની કોર્ટે આરોપીના અરજી જામીન અરજી નામંજૂર કર્યા છે.

કપરાડા તાલુકાના એક ગામમાં છનકી (નામ બદલેલ છે) નામની યુવતી રહે છે. અને ફળફળાદીનો ધંધો કરે છે છનકીબેનને સોનગઢ વ્યારામાં રહેતો હિરણભાઈ કુશનાભાઈ ગામીત અવારનવાર મળતો હતો. હિરણ ગામીત પોતે કુવારો હોવાનું જણાવી છનકીબેનને લગ્ન કરવાની લાલચ આપી છેલ્લા છ મહિના સુધી શારીરિક સંબંધ બાંધ્યા હતા. જે બાદ આ હિરણ ગામિત અચાનક પોતાનો મોબાઈલ બંધ કરી દેતા તપાસ કરવા તેના ઘરે જતા જોયું તો તેની પત્ની અને પુત્રી હતી. છનકીબેન સાથે લગ્ન કરવાની લાલચ આપી વારંવાર શરીર સંબંધ બાંધી તરછોડી દેતા છન્કીબેને નાનાપોંઢા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી હિરણભાઇ કુશનાભાઇ ગામીત રહે.ગુણસદા ગામ બરડીપાડા ફળીયુ સોનગઢની ધરપકડ કરી જેલમાં ધકેલ લીધો હતો. લગ્નનું વચન આપી દુષ્કર્મ કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપી હિરેણ કુષનાભાઈ ગામીતે જામીન અરજી રજુ કરતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલોને રાખી ધરમપુરના એડિશનલ સેશન્સ જજ એમ.એ. મિર્ઝાએ આરોપીના જામીન નામંજૂર કરવાના હુકમ કર્યો છે.

## ચીખલીની ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓને ડેન્ગ્યુની સારવારની ચર્ચા વચ્ચે સરકારી રાહે સબસલામત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૮:** ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં શરદી, ઉધરસ અને તાવના દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. સરકારી દવાખાના સહિત ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ખાનગી દવાખાનામાં દર્દીના લોહી અને પેશાબનો ટેસ્ટ કરવામાં આવે તો ડેન્ગ્યુના લક્ષણો જોવા મળી રહ્યા છે પરંતુ ચીખલીનું આરોગ્ય વિભાગ ડેન્ગ્યુના અમારા ટેસ્ટ મુજબ કોઈ પોઝિટિવ કેસો નોંધાયા નથી. જ્યારે ચીખલીના ખાનગી દવાખાનાઓમાં કેટલાક દર્દીઓ ડેન્ગ્યુની સારવાર લઈ રહ્યા છે.

ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી શરદી, ઉધરસ અને તાવના દર્દીઓથી ખાનગી અને સરકારી દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે એક બે દિવસ નોર્મલ દવા ગોળીઓ દર્દીઓને આપવામાં આવતી હોય છે અને જો વાયરલ હોય તો દર્દીને સારું થઈ જતું હોય છે પરંતુ દર્દીને સારું થતું ન હોય અને લોહીનો ટેસ્ટ કરાવવા માટે ડોક્ટર જણાવે તો દર્દીને ડેન્ગ્યુના લક્ષણો હોવાનું જણાય આવતું હોય છે જો કે ખાનગી દવાખાનાના ડોક્ટરો દ્વારા ડેન્ગ્યુની જાણ આરોગ્ય વિભાગના અધિકારીને કરવામાં આવતી હોય છે અને ત્યારબાદ જે તે વિસ્તારના ફરજ બજાવતા ડોક્ટર દર્દીના ઘરે જઈ અન્ય વ્યક્તિઓની પૂછપરછ કરી જરૂર પડે તો દવા ગોળીઓ આપતા હોય છે જો કે ડેન્ગ્યુના કેસો અંગે ચીખલીના બ્લોક હેલ્થ ઓફિસરને પૂછતા જણાવી રહ્યા છે કે અમારા ટેસ્ટ મુજબ કોઈ ડેન્ગ્યુના પોઝિટિવ કેસો નોંધાયા નથી તો બીજી તરફ ખાનગી દવાખાનાઓમાં ડોક્ટરો દર્દીઓના રિપોર્ટમાં ડેન્ગ્યુના લક્ષણો જણાતા ડેન્ગ્યુની સારવાર આપતા હોય છે ત્યારે આ વિરોધાભાસ વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં ડેન્ગ્યુનો વાવડ હોય અને લોકોએ સાવચેતી રાખવાની જરૂર રહી છે એમ જણાવતા નથી. એટલું જ નહીં પરંતુ ચીખલી, સમરોલી, થાલા, ખૂંધ ગ્રામ પંચાયત દ્વારા જાહેર માર્ગો ઉપર તેમજ ખુલ્લી ગટરો હોય તેમજ જ્યાં ગંદકી હોય તેવી જગ્યાઓ પર ડીડીટીનો છંટકાવ કરે તે જરૂરી છે અને કેટલીક જગ્યાએ મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે ફોગિંગ કરવાની પણ જરૂર રહી છે.

## સાપુતારામાં પ્રતિષ્ઠિત વિદ્યાલયના બે સગીર વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૮:** સાપુતારાનાં ન્યુ શોપિંગ સેન્ટરમાં દુકાનનું તાળું તોડી કબાટમાં મુકેલ ૪૦ હજારની રોકડ રકમની ચોરીની ઘટના બનતા સાપુતારા પોલીસ હરકતમાં આવી હતી. જેથી ડાંગ જિલ્લા પોલીસવડા યશપાલ જગાણીયાનાં સૂચના મુજબ નાયબ પોલીસ અધિક્ષકોમાં એસ.જી. પાટીલ તથા જે.એચ સરવૈયાનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઇ આર.એસ પટેલ, પી.એસ.આઇ ડી.પી.ચુડાસમા સહીત સ્ટાફ દ્વારા ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરતા ગણતરીના કલાકોમાં બે સગીર આરોપીઓ સહીત મુદ્દામાલ કબ્જે કરી ગુનો ઉકેલી નાખતા પોલીસની કામગીરીને સૌ કોઈ બિરદાવી રહ્યા છે. ગિરિમથક સાપુતારા ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયનાં બે સગીર વયનાં વિદ્યાર્થીઓ આ ચોરીને અંજામ આપતા પોલીસે ઝડપી પાડતા શિક્ષણ જેવી પવિત્ર સંસ્થાને કાળી ટીલી લાગી જવા પામી છે. આ બાબતે ડાંગ જિલ્લાનાં નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલે જણાવ્યુ હતુ કે સાપુતારાનાં

(અનુ. પેજ નં.૭ પર)

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**